॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

નવેમ્બર ૨૦૧૪
રૂા. ૫/૦૦



દિવાળીના દિવસે હજારો દિવળાઓથી ઝગમગતું ભુજ મંદિર





















(૧-૪) અન્નકૂટની સેવામાં સાં.યો. બહેનો તથા સંતો-ભુજ. (૫-૬) દિવાળીના દિવસે ચોપડાપૂજન-શારદાપૂજન કરતા પૂ. મહંત સ્વામી અને ભક્તો-ભુજ. (૭) અન્નકૂટ પ્રસાદના થાળ ભરતા ભક્તો-ભુજ. (૮) દિવાળીના દિવસે અદ્‌ભૂત રંગોળી નીહાળતા સંતો-ભુજ. (૯) અંજાર મંદિરે દિવાળીના દિવસે નૂતન વર્ષના વધામણા. (૧૦) પલાસવા (વાગડ) મંદિરના મુખ્ય યજમાન પ.ભ.શ્રી નારણભાઈને મંદિર બાંધકામની સ્થિતી દર્શાવતા સંતો, સાથે ગામના ભક્તો.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः । रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥

## ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક



## લેખકોને ખાસ વિનંતી

- **આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.**
- **લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.**
- **લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.**
- **કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.**
- **ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.**
- **કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.**
- **સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.**

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૯૦૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

- **અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.**
- **પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.**

પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૨૦ કુલ્લ અંક ૨૦૯

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૪ અંક - ૧૧ - નવેમ્બર – ૨૦૧૪
સળંગ અંક - ૩૪૭

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**

**શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય**
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧ ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧
**E-mail :** sandesh@bhujmandir.org • info@bhujmandir.org
**website :** www.bhujmandir.org

# તંત્રીની કલમે

મનુષ્ય યોનિમાં જન્મ મેળવ્યો એ શ્રીજી મહારાજની આપણા પર વિશેષ કૃપા છે. જ્યારે ઈશ્વરે આપણને માનવ દેહ આપ્યો છે ત્યારે સૌ પ્રથમ તો આપણે 'માનવ' તરીકે જીવન વ્યતીત કરવું જોઈએ. માનવીય સદ્‌ગુણો અને સંસ્કારો પર પાશવી વૃત્તિ હાવી ન થઈ જાય તે માટે સતત જાગૃતિ રાખવી જોઈએ. આ જાગૃતિ માટે વિદ્યાભ્યાસ દ્વારા જ્ઞાનપ્રાપ્તિ આવશ્યક છે. વિદ્યા વિનાનો માનવ પશુ સમાન ગણાય છે. આપણા પૌરાણિક શાસ્ત્રોમાં પણ વિદ્યાને પ્રાધાન્ય અપાયું છે અને વિદ્વાનોને સન્માન પ્રાપ્ત થયું છે. જ્યારે માનવ અજ્ઞાનના અંધકારમાં અંધશ્રધ્ધા, અવિશ્વાસ, અનાચાર, અત્યાચાર આદિ આસુરી બાબતોમાં અટવાઈ જાય છે ત્યારે માનવતાથી વિમુખ થઈ જાય છે. આવી બાબતો સમાજમાં અરાજકતા ફેલાવી દે છે તે સૌને માટે અત્યંત નુકસાનકારક છે. આવું ન બને તે માટે વિદ્યાની પ્રાપ્તિ અનિવાર્ય છે. તેથી શ્રેષ્ઠદાનમાં વિદ્યાદાનની પણ ગણતરી કરવામાં આવે છે. શ્રી સહજાનંદ સ્વામીએ પણ જનહિત કાજે શિક્ષાપત્રીના ૧૨૧મા અને ૧૩૧મા શ્લોકમાં વિદ્યલયો સ્થાપવાની તેમજ વિદ્યાનું સંવર્ધન કરવાની વાત કરી છે. આ ઉપદેશાત્મક આદેશને આપણા સંપ્રદાયના સંતો અઢારમી સદીથી અનુસરતા આવ્યા છે અને આપણા ભુજ મંદિર દ્વારા આ આદેશનો સુચારુ રીતે અમલ થઈ રહ્યો છે.

જ્યારે કચ્છ જિલ્લામાં માધ્યમિક શિક્ષણની પુરતી સુવિધા ન હતી ત્યારે સન ૧૯૪૪માં ભુજ મધ્યે વિદ્યાર્થી ભવનની સ્થાપના શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા કરવામાં આવી જેથી આ છાત્રાલયમાં રહીને વિદ્યાર્થીઓ વિદ્યાભ્યાસ કરી શકે અને ત્યારબાદ સન ૧૯૬૩માં શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજની સ્થાપના દ્વારા ભુજ મંદિર દ્વારા માધ્યમિક શિક્ષણના શ્રીગણેશ થયા. આ મંગલમય માધ્યમિક શાળા શરૂ થઈ તેને ૫૦ વર્ષના વહાણાં વહી ગયા અને સન ૨૦૧૪નું વર્ષ 'સુવર્ણજયંતી' વર્ષ કરીકે ઉજવાઈ રહ્યું છે. ૨૯,૩૦ અને ૩૧ ડિસેમ્બર ૨૦૧૪ના યોજાનાર ત્રિદિવસીય મહોત્સવમાં પ.પૂ. ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ તથા ભુજ મંદિરના મહંત સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજીના સાંનિધ્યમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અનેક સ્મૃતિઓને વાગોળશે. તેમના જીવનમાં સંસ્થાનું ઋણ ચૂકવવાનો આ અનેરો અવસર પ્રાપ્ત થયો છે.

ભુજમાં માધ્યમિક શાળા પ્રારંભ બાદ મંદિર દ્વારા માંડવી, રામપર-વેકરા, રાપર, માનકુવા, ગાંધીધામ, નારણપર આદિ ગામોમાં ગુરુકુળોની સ્થાપના કરવામાં આવી છે અને માધ્યમિક તેમજ ઉચ્ચ માધ્યમિક શિક્ષણ અપાઈ રહ્યું છે.

કન્યા કેળવણી દ્વારા સુસંસ્કારી અને સુદૃઢ સમાજનું નિર્માણ કરવાના નિશ્ચય સાથે ભુજ મંદિર દ્વારા પ્રાથમિકથી માંડીને કોલેજ કક્ષા સુધીના શિક્ષણની સુવિધા ઊભી કરવામાં આવી છે. આ વિદ્યાલયમાં કન્યા છાત્રાલયની સુવિધા પણ છે. આ વિદ્યા સંકુલમાં કોલેજનું આધુનિક સાધન-સામગ્રીથી સજ્જ અદ્યતન મહાલયનું નિર્માણ કરવામાં આવ્યું છે. જે આચાર્ય મહારાજશ્રી તથા મહંત સ્વામીના વરદ્‌ હસ્તે તા. ૨૧-૧૨-૧૪ ના રોજ શિક્ષણાર્થે ખુલ્લું મુકવામાં આવશે.

આમ, ભુજ મંદિરે પ્રગટાવેલ શિક્ષણની જ્યોત આજે મશાલની જેમ પ્રજ્વલિત છે અને સમગ્ર કચ્છ જિલ્લામાં જ્ઞાન સુંસંસ્કાર અને સત્સંગનો કલ્યાણકારી પ્રકાશ પાથરી રહી છે.

આપણા ઈષ્ટદેવ પરમકૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાન મુમુક્ષુઓના આત્યંતિક કલ્યાણાર્થે પૃથ્વી પર પધાર્યા અને ભક્તોના ભાવ પૂર્ણ કરવા દેશ દેશાંતરમાં ખૂબ વિચરણ કર્યું. વિચરણ દ્વારા શ્રી સહજાનંદ સ્વામીનું સાંનિધ્ય માણનાર સંતો-ભક્તોનાં જીવન ધન્ય બની ગયા. આવા સંતો ભક્તોને શ્રીજી મહારાજે પોતાનાં સંપર્કમાં આવેલ વસ્ત્રો, પુસ્તકો, વાસણો, મૂર્તિ, માળા, સંગીતના સાધનો જેવી અનેક વસ્તુઓ રાજીપા રૂપે આપેલી. આવી પ્રસાદીની વસ્તુઓ લાંબા સમય સુધી સુરક્ષિત રીતે જળવાઈ રહે અને સંપ્રદાયના સર્વે સંતો ભક્તોને દર્શનનો લાભ મળે તેવા ઉમદા હેતુથી નવનિર્મિત ભવ્ય 'અક્ષરભુવન'માં મુકવામાં આવી છે. અને જેના દર્શનનો લાભ લઈ સૌ ધન્યતા અનુભવે છે. આવી દુર્લભ પ્રસાદીની વસ્તુઓનાં દર્શન કરવાનો અલભ્ય લાભ લેવાનું ચૂકાય નહીં તેનું સ્મરણ રાખશો.

સંપ્રદાયના શિક્ષણપ્રેમી અને શ્રીજી મહારાજના ચરણોમાં સમર્પિત આવા કર્મનિષ્ઠ બ્રહ્મનિષ્ઠ સંતોને કોટિ કોટિ વંદન સાથે જય શ્રી સ્વામિનારાયણ !

# વેદથી વચનામૃત શાસ્ત્રાવતરણનું પ્રયોજન



## વેદોપબૃંહ્મણ રૂપ ઉપનિષદ્ ગ્રન્થ યુગ

લેખાંક-૩૭

લેખક : ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી



અગિયારમો અનુવાક

ગુરુનો શિષ્યને અંતિમ ઉપદેશ (દીક્ષાંત પ્રવચન)

સ્નાતક એટલે જેનું સ્નાન થઈ ચૂક્યું છે તે. વિદ્યાર્થી ગુરુકુલમાં રહીને વિદ્યાભ્યાસ કરતો. વિદ્યાભ્યાસ પૂરો થાય એટલે પૂર્ણાહુતિ સમારંભના એક ભાગરૂપે વિદ્યાર્થીને વિધિવત્ સ્નાન કરાવવામાં આવતું આ રીતે જેનું સ્નાન થઈ જાય તેનો વિદ્યાભ્યાસ પૂર્ણ થયો ગણાતો અને વિદ્યાર્થી સ્નાતક બનતો.

પહેલો ઉપદેશ

વેદનું અધ્યયન કરનાર અંતેવાસિન (આશ્રમમાં રહેનાર બ્રહ્મચારી) વિદ્યાભ્યાસ પૂર્ણ કર્યા પછી ગુરુ આજ્ઞાથી જ્યારે પોતાના ઘેર પાછો જાય છે ત્યારે ગુરુ શિષ્યને અંતિમ શિખામણ આપે છે જે વ્યવહારિક જીવનમાં બહુ ઉપયોગી હોય છે. તે ઉપદેશનું વર્ણન આ અનુવાકમાં પ્રસ્તુત કરવામાં આવ્યું છે. वेदमनूच्याचार्योऽन्तेवासिनमनुशास्ति ।

આચાર્ય અંતેવાસીને...

અહીં આચાર્ય અને અંતેવાસી, બન્ને શબ્દો નોંધનીય છે. આચાર્ય એટલે આચારવાન. જેનું આચરણ વિદ્યાર્થી માટે આદર્શ-સ્વરૂપ છે તે. શિક્ષણ એટલે જીવનશિક્ષણ, માત્ર પરીક્ષા માટે પાસ થવાનું શિક્ષણ નહિ પરન્તુ સંસ્કાર યુક્ત શિક્ષણ. જીવન એટલે આદર્ષ જીવન તેનું એક દૃષ્ટાંત વિદ્યાર્થી સમક્ષ સતત હાજર છે અને તે છે - આચાર્ય. આચાર્ય માત્ર વ્યાખ્યાન દ્વારા જ શિક્ષણ નથી આપતા પણ જીવન દ્વારા શિક્ષણ આપે છે.

અહીં શિષ્ય માટે 'અન્તેવાસિન્' શબ્દ વપરાયો છે. જે સતત ગુરુના સાંનિધ્યમાં રહે છે તે. શિક્ષણ એટલે શાળામાં જઈ ચાર-પાંચ કલાકનું શિક્ષણ લેવું એટલું જ નહીં પરન્તુ ચોવીસે કલાક ગુરુપાસે રહિને શિક્ષા લેવી એ જ સાચું શિક્ષણ છે. બાર વર્ષસુધી ગુરુના સાંનિધ્યમાં રહીને શિક્ષણ આપવામાં આવતું હતું. શિષ્ય ગુરુના જીવનમાંથી, ગુરુના વ્યાખ્યોનોમાંથી, સમગ્ર વાતાવરણમાંથી અને સમગ્ર ગુરુકુલમાંથી શિક્ષણ પામતો અને તેથી જ તેનો

અંતેવાસી અનિવાર્ય હતો. રાજાના કુવર હોય કે પછી સામાન્ય વર્ગોના મનુષ્યનો કુવર હોય બન્ને ગુરુકુળમાં શિક્ષણ માટે રહેવા જવું પડતું અને એક સાથે કુટીરોમાં રહેવાની પરંપરા હતી.

ગુરુના ઉપદેશનું પહેલું વિધાન વાક્ય છે - "સત્યં વદ" સત્ય જીવનનો પાયો છે; સત્ય ધર્મનો પ્રાણ છે, સત્ય અધ્યાત્મનો આત્મા છે, સત્ય ઋતનો સર્વોચ્ચ નિયમ છે. સત્યને છોડીને યથાર્થ જીવનને પામી શકાય નહિ. સત્યને છોડીને યથાર્થ ધર્મનું પાલન કરી શકાય નહિ. સત્યને છોડીને અધ્યાત્મપથ પર એક ડગલું ભરી શકાય તેમ નથી. ગુરુ શિષ્યને જીવન જીવવા માટે ભાથું આપે છે. બાર વર્ષ સુધી શિષ્ય ગુરુકુલમાં રહીને જે ભણ્યો છે તેનો જ સાર ગુરુ શિષ્યને બતાવી રહ્યા છે. સૌથી પહેલાં અને સૌથી મૂલ્યવાન ઉપદેશ અપાય છે - " સત્યં વદ" ઋષિ કહે છે - "બેટા ! તું સત્યને જાળવી રાખજે, બાકીનું બધું જ જળવાઈ રહેશે."

ગુરુનું બીજું વિધાન વાક્ય છે - "ધર્મં ચર" જે ધારણ કરે તે ધર્મ છે. ધર્મ વ્યક્તિ અને સમાજને ધારણ કરી રાખે છે. ટકાવી રાખે છે. ધર્મમાં મુખ્યત્વે બે તત્ત્વોનો સમાવેશ થાય છે - (૧) અનુષ્ઠાન કરવા યોગ્ય કર્મોનું આચરણ. (૨) સદાચારયુક્ત જીવનપદ્ધતિ.

ધર્મ અધ્યાત્મની પૂર્વભૂમિકા છે. ધર્મના આચરણથી અધ્યાત્મનો પાયો તૈયાર થાય છે. ધર્મમાંથી અધ્યાત્મ પ્રગટે છે. " ધર્મો રક્ષતિ રક્ષિતઃ" જો આપણે ધર્મનું રક્ષણ કરીએ એટલે કે જીવનમાં તેનું આચરણ કરીએ તો ધર્મ આપણી રક્ષા કરે છે. તેથી ગુરુ શિષ્યને કહે છે - "ધર્મં ચર" "બેટા ! ધર્મનું આચરણ કરતો રહેજે " શિક્ષાપત્રી તેમજ અનેક વચનામૃતમાં શ્રીજી મહારાજ અને ધર્મ પાલન કરવા પર બહુ ભાર મુકયો છે. સ્વામિનારાયણ સંપ્રદાયના મુખ્ય ચાર પાયા છે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ. આહીં પણ ધર્મને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે.

ગુરુ શિષ્યને ત્રીજું વિધાન વાક્ય કહે છે - "સ્વાધ્યાયન્મા પ્રમદ" સ્વાધ્યાયમાં પ્રમાદ કરીશ નહિ. શિષ્ય વેદ, વેદાંગ અને શાસ્ત્રો ભણીને પોતાના ઘરે પાછો ફરશે, પોતાનું જીવન શરૂ કરશે. તે સમયે ગુરુકુલમાં તે જે ભણ્યો છે તે જો ભૂલી જાય તો આ વિદ્યા તેના જીવનમાં ઉપયોગી બની શકે નહી. ગુરુકુલમાં ગુરુ પાસેથી જે જ્ઞાન મેળવ્યું છે તેના જીવનમાં વિનિયોગ ત્યારે જ શક્ય બને, જ્યારે શિષ્ય તે જ્ઞાન સતત સ્મરણમાં રાખે. તેથી ગુરુ તેને સતત સ્વાધ્યાયનો આદેશ આપે છે. જે ભણ્યો છે તે શિષ્ય ભૂલી ન જાય, સતત તાજું રહે અને જીવનમાં તેનો વિનિયોગ થતો રહે તેમાં જ વિદ્યાની સાર્થકતા છે. તે હેતુથી ગુરુ તેને ઉપાય બતાવે છે. " સ્વાધ્યાયન્મા પ્રમદઃ"।

"બેટા ! તું સ્વાધ્યાયમાં પ્રમાદ કરીશ નહિ, સ્વાધ્યાય સતત ચાલુ રાખજે. સ્વાધ્યાય દ્વારા જ તું વિદ્યાના સંપર્કમાં રહી શકીશ અને વિદ્યા તને જીવન જીવવાની જડીબુટ્ટી આપશે."સત્ય, ધર્મ અને સ્વાધ્યાય- આ ત્રણ આદેશનો ઉપદેશ આપ્યા પછી ગુરુ શિષ્યને કહે છે; - ગઅરુઙ ·ઙ ત્ન ઉપનિષદમાં આહિયાં જે મંત્ર પ્રસ્તુત કરવામાં આવ્યો છે તે જગતભરમાં પ્રસિદ્ધ છે અને નાના થી કરીને મોટા મનુષ્યો સૌ કોઈ આ મંત્રને ગાય છે અને જાણે છે તે મંત્રો આ પ્રમાણે છે. - ગઅરુઙ ·ઙ ત્ન સદૈવ સત્ય બોલો, મઋક્કઢ નથ

(૧) પહેલો ઉપદેશ

સ્વાધ્યાયાન્મા પ્રમદઃ । સદૈવ સત્ય બોલો, ધર્મના આચરણ કરો, સ્વાધ્યાયથી ક્યારેય પ્રમાદ ન કરો, આચાર્યાય પ્રિયં ધનમાહૃત્ય પ્રજાતન્તું મા

व्यवच्छेत्सीः । આચાર્ય માટે દક્ષિણાના રૂપમાં ઈચ્છેલું ધન લાવીને આપો, આચાર્યની આજ્ઞાથી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરીને સન્તાન પરંપરાનો ઉચ્છેદ કરશો નહિ, सत्यान्न प्रमदितव्यम् । સત્યથી ક્યારેય ડગવું નહિ. धर्मान्न प्रमदितव्यम् । ધર્મથી હટવું નહિ, कुशलान्न प्रमदितव्यम् । ધન સંપતિ તથા લૌકિક ઉન્નતિનાં સાધનો પ્રત્યે ક્યારેય આળસ ન કરો, स्वाध्यायप्रवचनाभ्याम् न प्रमदितव्यम्। વેદનું અધ્યાપન અને અધ્યયનમાં ક્યારે આળસ ન કરો, તથા દેવ કાર્ય અને પિતૃકાર્ય કરવામાં ક્યારેય ભુલવું નહિ. આ મારો પહેલો ઉપદેશ છે.

(૨) બીજો ઉપદેશ

આ ઉપનિષદના મંત્રો પણ વિશ્વભરમાં પ્રસિદ્ધ છે કારણ કે આ મંત્રોને ભારત સરકારે દેશના ગૌરવ ઈતિહાસમાં સ્વિકાર્યા છે અને આજે પણ ભારતીય સંસ્કૃતિ અને સંસ્કાર આ મંત્રોમાં જોવા મળે છે તેથી સરકારે આ મંત્રો દ્વારા સૌનો સત્કાર કરે છે અને તમામ દેશવાસીઓ આ મંત્રોને ગાય છે અને જાણે છે. તે મંત્રો દ્વારા આચાર્ય બીજો ઉપદેશ આપતાં શિષ્યને કહે છે કે - मातृदेवो भव । पितृदेवो भव । आचार्यदेवो भव । अतिथिदेवो भव । માતાને દેવતારૂપ સમજો, પિતાને દેવતારૂપ સમજો, આચાર્ય-ગુરુને દેવતારૂપ સમજો, અતિથિને પણ દેવતારૂપ સમજો,નિર્દોષ કર્મોનું જ આચરણ કરો પરન્તુ દોષયુક્ત કર્મોનું આચરણ ક્યારેય પણ ન કરો, બ્રાહ્મણો તથા પોતાથી મોટાને આસન આપીને સન્માન કરો, શ્રદ્ધાપૂર્વક દાન આપો, અશ્રદ્ધાપૂર્વક તથા સમાજની શરમથી અને ચોરના ભયથી, પાપના ભયથી દાન આપવું ન જોઈએ. આ મારો બીજો ઉપદોશ છે.

ક્રમશઃ

## નવેમ્બર - ૨૦૧૪ની આગામી કથાઓ

# મહારાજના લાડીલા મયારામ ભટ્ટ

અહેવાલ : પ્રો. મહાદેવભાઈ ધોરિયાણી

શિક્ષાપત્રીમાં મયારામ ભટ્ટનો આ પ્રમાણે ઉલ્લેખ થયેલો છે :

"ગૃહસ્થાશ્ય મયારામ ભટ્ટાદ્યાયે મદાશ્રયાઃ ।"

મયારામ ભટ્ટ કાંઈ વિદ્વાન કઈ શકાય તેવા પ્રકાંડ પંડિત કે જ્ઞાની ન હતા. તેઓ ગુરુ, સમાજ અને ઈશ્વર - એ ત્રણની સેવામાં રાત-દિવસ મશગુલ રહેતા. શ્રીજી મહારાજે તેમની શુચિતા, નિર્દંભતા અને ધ્યેય-નિષ્ઠાથી અતિ પ્રસન્ન થઈને જ શિક્ષાપત્રીમાં ઉપરોક્ત ઉલ્લેખ કર્યો છે. મહારાજે એમને શિક્ષાપત્રીમાં શ્લોકસ્થ બનાવી અમર બનાવ્યા છે. આ મયારામ ભટ્ટ આદર્શ લોકસેવક અને ધર્મનિષ્ઠ હતા.

મયારામ ભટ્ટે વંશપરંપરાનો ધંધો છોડીને ધર્મના સંદેશવાહક તરીકે ખેપ કરવાનો સેવા-ધર્મ સ્વીકાર્યો હતો. હંમેશા દસ-બાર ગાઉ તો ચાલવાનું જ ! ધર્મના ઉત્સવોના સંદેશા વખતસર પહોંચાડવા તે તેમનું ધર્મકાર્ય થઈ રહ્યું હતું. કાઠિયાવાડ, કચ્છ વગેરે પ્રદેશ તો તેમણે અનેક વખત પ્રવાસ ખેડેલો.

આવા ધર્માથી મયારામ ભટ્ટના જીવનમાં આમૂલાગ્ર પરિવર્તન લાવનારો એક પ્રસંગ બની ગયો. ભટ્ટજી વિધૂર થયા. આથી તેમના કુટુંબીજનો તેમને પુનઃલગ્ન કરવાનું દબાણ કરી રહ્યા હતા. અલબત્ત તેઓ પોતે પણ રાગ અને ત્યાગની વચ્ચે ઝોલાં ખાતા હતા.

આખરે તેમણે એક નિર્ણય લીધો કે મારા ગુરુદેવ રામાનંદ સ્વામીની આ બાબતમાં સલાહ લેવી તેથી ભટ્ટજી ફરતાં-ફરતાં જ્યાં સ્વામીનો મુકામ હતો, ત્યાં જઈ પહોંચ્યા. સ્વામી તો કથા વાંચી ઉપદેશ આપી રહ્યા હતા. તેથી પોતાની હાજરી પ્રગટ ન થાય, તેમ ભટ્ટજી એક ખૂણે બેસી કથામૃતનું પાન કરવા લાગ્યા.

તે જ વખતે રામાનંદ સ્વામીએ કહ્યું કે "મુમુક્ષુ જીવ સંસારમાં આસક્ત થાય તેવું અમે કદી થવા ન દઈએ. અને કદાચ કોઈ લગ્નના ત્રણ ફેરા ફરીને અમારી સલાહ માગે, તો અમે તેને ચોથો ફેરો જ ફરવાની ના પાડીએ...."

રામાનંદ સ્વામીના આ શબ્દો સાંભળી ભટ્ટજી તો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા ! પોતાના પ્રશ્નનું સમાધાન અનાયાસે થઈ જ ગયું ! ભટ્ટજી તો દીંગ જ બની ગયા. અરે ! હવે આમા ગુરુદેવને પૂછવા જેવું રહ્યું છે જ ક્યાં ? ગુરુનો આદેશ શિરોમાન્ય ગણીને તેમણે પુનર્લગ્ન કરવાનું અને પુનઃગૃહસ્થી બનવાનું માંડી વાળ્યું.

ભટ્ટજી રામાનંદ સ્વામીને પ્રભુ તુલ્ય ગણતા. તેમના દેહવિલય પછી સહજાનંદ સ્વામી ધર્મધુરંધર થયા. એટલે તેઓ તેમની સેવામાં રહેતા ખરા, પણ મન માને નહિ.

એક વખત નવા નીલકંઠ બ્રહ્મચારીએ યોગની મદદથી ભગવાનના દર્શન કરાવવા ભક્તોને સમાધિ લેવરાવવા માંડી. ભટ્ટજી પણ તેમાં જોડાયા. જીવ ઊંડો ઉતરવા લાગ્યો અને નાડી તણાવા લાગી. ભટ્ટજી તો એકદમ ઊભા થઈ ગયા. તેમને લાગ્યું કે, આ કાંઈક જંતર-મંતર અને જાદુના ખેલ જેવું છે. એટલે મનમાં ખિન્નતા પામીને ત્યાંથી ચાલી નીકળ્યા. અને જ્યાં આ સંપ્રદાયના સમર્થ પુરુષ તથા રામાનંદ સ્વામીના સાચા આધ્યાત્મિક વારસ પોતે જેને માનતા હતા, તે મુક્તાનંદ સ્વામી પાસે ઠેઠ કચ્છમાં પહોંચ્યા. મુક્તાનંદ સ્વામીએ તેમને સદુપદેશ આપીને મહારાજનો મહિમા સમજાવ્યો અને એમની ઐશ્વર્યલીલાની પ્રતીતિ કરાવી. ત્યાર પછી તો મયારામ ભટ્ટ સંપ્રદાયના અનન્ય સેવક બની રહ્યા.

# માણસે પશુમાંથી મનુષ્ય થવાનું છે

ડો. એચ. વી. કેરાઈ, અંજાર-કચ્છ

મનુષ્ય સત્સંગમાં આવે ત્યારે પશુમાંથી મનુષ્ય થાય. ધર્મ વગર તો માનવી પૂંછ વગરનો પશુ ગણાય.

સંસારમાં સૌ પ્રથમ પશુમાંથી મનુષ્ય થવાનું છે. મનુષ્યના જીવનમાં વિવેક અને વિચાર રૂપી દૃષ્ટી સત્સંગથી આવે છે. ત્યારપછી સત્સંગમાં સંગનો રંગ લાગેને કલ્યાણકારી ગુણો પણ આવે. આવી રીતના સંપ્રદાયમાં રહીને સત્સંગ કરવો એ વાડો તો નથી જ પણ સારા ગુણ ઉત્પન્ન કરતી એક અભ્યાસી શાળા છે.

આ શાળામાં દરેક મનુષ્યે પોતપોતાના અધિકાર પ્રમાણે જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે. અધિકાર સિવાય જ્ઞાન આવે એની ખોટી અસર થાય. યોગ્ય પાત્રતા વગર જે જ્ઞાન પીરસવામાં આવે એમાંથી નુકસાન સિવાય બીજું કંઈ મલવાનું નથી.

જેમ કીડી પર આખો લાડવો મૂકીએ તો કીડી ચકદાઈને મરી જાય પણ લાડવાનો જીણો ભૂકો કરીને નાખીએ તો એમાંથી હજારો કીડીઓ ધરાઈ જાય. તેવી જ રીતનાં જ્ઞાનનું સમજવું. એક સામટું જ્ઞાન ઠાલવવાથી મનુષ્ય મૂંઝાઈ જાય છે. પણ એને જો ટૂકડે ટૂકડે જ્ઞાન પીરસાય તો એ કંઈક સમજતો થાય.

મહાભારતના રણ મેદાનમાં શ્રીકૃષ્ણ ભગવાને આપેલુ ગીતા જ્ઞાનથી અર્જુનને જે ફાયદો થયો એવો ફાયદો બીજાને ક્યાં થવાનો છે ! લોકો આજે ઘેર ઘેર ગીતાનું પુસ્તક વસાવે છે અને વાંચે છે પણ ખરા પણ દરેકને અર્જુન જેવું જ્ઞાન પ્રાપ્ત થતું નથી.

જ્ઞાન બાબતમાં આગળ વધવું હોય તો શ્રધ્ધાની જરૂર પડે. આ જગતમાં ધંધાકીય ભાગીદારી પણ શ્રધ્ધાથી નભે છે. આપણે વિમાનમાં બેસીએ એ પણ શ્રધ્ધા રાખીને. વેરાન આકાશમાં પાતળી હવા મધ્યે રસ્તો કાપતાં વિમાનમાં શ્રધ્ધા વગર ન બેસાય.

જીવનમાં અશ્રધ્ધા હોય તો આગળ ન વધાય. જીવનમાં પ્રગતિ માટે શ્રધ્ધાનો સહારો લેવો પડે.

છીંક ખાંતા, ઠેસ ખાંતા કે ગબડતાં ગબડતાં ભગવાનનું નામ લેવાય તો પણ જીવનું સારું થાય. કારણ કે પ્રભુનું નામ જ કલ્યાણકારી છે. ગમે તે સંજોગોમાં પણ ભગવાનનું નામ લેવાય તો પણ આત્માનું સરું થશે. રાવણ-કંશ જેવા દૈત્યોએ વેરભાવે ભગવાનનું નામ લીધું પણ ભગવાને એમને અંત સમયે સદ્ગતી આપી.

ભગવાનના આશ્રયથી જીવનનૈયા તરી શકાય. અન્ય સાધનોથી કલ્યાણની ઈચ્છા રાખવી એતો તૂંબડુ બાંધી સાગર તરવા જેવું છે. જ્યારે આશ્રયનો માર્ગ તો સહી સલામત દરિયામાં ચાલતી નાવ જેવો છે. અપંગ કે આંધળો માણસ એક વખત બોટમાં બેઠો પછી એ અન્યની માફક સમુંદર તરી જવાનો અન્ય સાથે એ પણ સામેના કિનારે સહીસલામત પહોંચી જવાનો.

વહાણમાં બેસનારને વહાણના નિયમ પાળવા પડે. એ નિયમને ઉલ્લંઘીને ઠેકડા મારે તો એનું એને એવું ફળ મલે એમાં વહાણ કે નાવિકનો કોઈ વાંક નથી.

તેવી જ રીતનાં કલ્યાણના માર્ગમાં ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તાય તો જ કલ્યાણ થાય. બાકી તો કલ્યાણનો માર્ગ જ એવો છે કે ગમે તે ભાવે એમાં જોડાય પણ અંતે તો ભલું થવાનું જ છે.

પ્રભુ બહુ ઉદાર છે. કૃપાળુ છે. દયાના સાગર છે. એ આપણી ગમે તેવી ભુલો માફ કરવા તૈયાર છે ફક્ત આપણે એ ભુલ ફરી ન કરવાનો કોલ આપવાની જરૂર છે.

# સંતમાં અદ્‌ભુત શક્તિ

સાં.યો. યોગીતા પી. ખેતાણી, ભુજ

હે વાચકો ! સંતમાં કેટલી અદ્‌ભુત શક્તિ છે. તેનું દૃશ્ય અહી દેખાય છે. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી વધારે પડતા જૂનાગઢમાં રહેતા. તેથી તેના સમાગમથી ભક્તોને સારો સત્સંગનો લાભ મળે. સ્વામીની ભક્તિની શક્તિ અમોઘ અને અમાપ હતી. સ્વામી પ્રત્યે હિંદુઓ તો પૂજ્ય ભાવ રાખતા પણ મુસલમાનોને પણ સ્વામી પ્રત્યે અનેરો ભાવ હતો. દેશદેશાંતરથી રાજા મહારાજાઓ, શ્રીમંતો અને શાહુકારો પણ ખેંચાઈ ખેંચાઈને સ્વામીનો સમાગમ કરવા આવતા. સ્વામી એવી બળભરી ભગવાનની વાત કરે કે હરિભક્તોના હૃદયમાં ઉતરી જાય અને ભગવાનના રંગે રંગાઈ જાય.

એક વખત સ્વામી મંડળ સહિત કાલસરી ગામમાં પધાર્યા. ત્યાંના સત્સંગીઓને આનંદનો પાર ન રહ્યો. પાર્ષદ ડુંગરજી ભક્ત પ્રેમમાં ગાંડા બની ગયા અને આગ્રહ કરી સ્વામીને કહ્યું સ્વામીજી આપ બે-ત્રણ દિવસ અહીં રોકાવ તો સત્સંગીને સારો લાભ મળે. સ્વામીએ કહ્યું, બહુ સારું અમે જરૂર રોકાઈશું.

બીજે દિવસે સ્વામી નદીમાં સ્નાન કરી અને પછી મંદિરની વાડીએ પધાર્યા. ત્યાં સરસ બાજરાનો પોંક કરીને સ્વામીને ડુંગરજી ભક્તે આપ્યો. સ્વામીએ ઠાકોરજીને જમાડી બધા ભક્તજનોને પ્રસાદી આપી. ત્યારે ડુંગરજીભક્તે સ્વામીને વાત કરી કે, સ્વામી ! આ વાડી મંદિરની છે. તેમાં આ ગોવિંદ ભક્ત સેવા સારી કરે છે. કાંઈ મજૂરી લેતા નથી, પણ એક વાતની ખામી છે. તેમને ત્યાં દીકરો કે દીકરી કંઈ નથી. ઘર સૂનું છે. તેથી આપ દયા કરો તો તેની આશા પુરી થાય.

સ્વામીએ કહ્યું, પાણી લઈ આવો. ડુંગરજી ભગતે સ્વામીને પાણી આપ્યું, સ્વામીએ ટીંબળવાનું મોટું ઝાડ હતું તેને પાણી છાંટી વર્તમાન ધરાવ્યા.

કાળ માયા પાપ કર્મ યમદૂત ભયાદહમ્‌ ।

શ્રી કૃષ્ણં દેવં શરણં પ્રપન્નોસ્મિ સ પાતુ મામ્‌ ॥

સ્વામીએ કહ્યું, ડુંગરજી ભગત ! આ ટીંબરવાનો જીવ ગોવિંદરામને ત્યાં દીકરો થઈને આવશે. તે લાકડાને મંદિરમાં લઈ જજો.અને પાટડા તરીકે ગોઠવીને ઉપર નળીયા રાખીને સરસ મજાનું મંદિર બનાવજો. લાકડું મંદિરના ઉપયોગમાં લેજો. આટલું કહી સ્વામી સત્સંગ કરાવીને જૂનાગઢ ગયા. સ્વામીના વચન પ્રમાણે બરાબર નવ મહિના પછી ગોવિંદરામ ભક્તને ત્યાં દીકરાનો જન્મ થયો. ગોવિંદરામ રાજી થઈ ગયા. આખા ગામમાં સાકર વહેંચી આનંદ વ્યકત કર્યો. દીકરાનું નામ રાખ્યું ભીમજી.

ગોવિંદરામ દીકરાને ખૂબ સારા ધર્મના સંસ્કાર આપ્યા અને હંમેશા વાત કરે છે. બેટા તું આગલા જન્મમાં ઝાડ હતો. ગુણાતીતાનંદ સ્વામીએ તને ઝાડમાંથી માનવી બનાવ્યો છે. આવા સંતો સાથે આત્મબુદ્ધિ રાખીને ભજન ભક્તિ કરજે અને સંતોની સેવા કરજે. આપણે સંતોના ઋણી છીએ. એમના ઉપકારનો કોઈ પાર નથી.

ભીમજી ભગત દરરોજ મંદિરે દર્શન કરવા આવે ત્યારે શ્રીજી મહારાજની મૂર્તિ સામે એક પગે ઊભા રહીને માળા ફેરવે, અને અંતરાત્માને ઉપદેશ આપે કે, હે જીવડા ! તારો દેહ ઝાડવાનો હતો. સંતની કૃપાથી તને માણસ બનાવ્યો છે. હવે જો સંસારની મમતામાં લોભાઈને ભગવાનને ભૂલી જઈશ તો પાછા આવા અનંત શરીર ધરવા પડશે. અને દુઃખ વેઠવું પડશે. માટે ભજન, ભક્તિ, દાન, પૂન્ય કરીને જીવનું ભાતું બાંધી લેજે. સાથે કાંઈ નહિ ચાલે, એકલો આવ્યો ને એકલો જવાનો છો.

હંસલો ચાલ્યો જવાનો એકલો રે,
સાથે આવે છે પૂન્ય ને પાપ.

ભીમજી ભગત જાતના કોળી હોવા છતાં સત્સંગના ધર્મ નિયમનું પાલન કરીને અનેકને સત્સંગ નો રંગ ચડાવ્યો. ભગવાન અને મહાપુરુષો ધારે તે કરી શકે. ઝાડમાંથી મનુષ્ય બનાવે. પારસમણિનો સ્પર્શ થતાં લોઢું સોનું થઈ જાય. તેમ શ્રીહરિના મહાન સંતોના યોગમાં આવનાર જીવાત્મા બ્રહ્મરૂપ બની જાય છે. ભરાડી ભગત બની જાય છે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે. સાચા સંતના સબંધોથી અનેક જીવના ભવ બંધન છૂટી જાય છે. ખરેખરા સંતનો સંગ થાય તો માયિક ગંધ રહે નહિ.

જંગલમાં જંગલી ઝાડ ઘણાં હોય પણ તેમાં જો એક-બે ઝાડ ચંદનના હોય તો આખા જંગલમાં સુગંધ ફેલાઈ જાય તેમ સંતો જ્યાં હોય ત્યાં ભજન, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યની સુગંધ ફેલાઈ જાય છે.

શ્રીજી મહારાજના સમકાલીન સમયમાં આવા સંતો હતા પણ હે ભક્તો ! અત્યારે આપણા તીર્થધામ ભુજમાં પણ એવા સંતો છે. પણ આપણે ઓળખી શકતા નથી. કારણ કે આપણી આંખ આડો માયાનો પડદો છે. તેથી આપણે ઓળખી શકતા નથી. ઓળખવા માટે સાચા સંતનો સમાગમ કરવાની જરૂર છે. વ્હાલા ભક્તો ! આ સંતો છે તે જાણો તો ડોક્ટર છે. જાણો તો શિલ્પી છે. જાણો તો કલ્પવૃક્ષ છે. જાણો તો મા છે.

# કાર્તિક સુદિ પ્રબોધિની એકાદશી

બ્રહ્માએ કહ્યું, ‘‘આ એકાદશીમાં એક વખત ભોજન કરવાથી એક જન્મનું પાપ નષ્ટ થાય છે. નક્ત ભોજન કરવાથી બે જન્મોનું પાપ નષ્ટ થાય છે. અને ઉપવાસ કરવાથી સાત જન્મોનું પાપ સેંકડો પૂર્વ જન્મમાં કરેલાં પાપો નષ્ટ થાય છે.’’ જે માણસ પ્રબોધિનીને દિવસે માત્ર વ્રતનો વિચાર કરે છે તેનાં સેંકડો જન્મમાં કરેલાં પાપો નષ્ટ થાય છે. જે માણસ પ્રબોધિનીની રાત્રે જાગરણ કરે છે તે દશહજાર કુળને તારનાર થાય છે. જે ઘરમાં સમગ્ર પરિવાર આ વ્રત કરે છે તે ઘરમાં ત્રણે લોકના સઘળાં તીર્થો વસે છે.

‘હે નારદ ! જે માણસ પ્રબોધિનીનું વ્રત કરતો નથી, તેનું સઘળું પુણ્ય નષ્ટ પામે છે. અને જે માણસ વ્રત કર્યા વિના કાર્તિક માસ પસાર કરે છે તેને જન્મો જન્મમાં કરેલાં વ્રતનું પુણ્ય ફળ પ્રાપ્ત થતું નથી.’

એવા બ્રહ્માનાં વચનો સાંભળીને નારદે પુનઃ પૂછ્યું, ‘હે બ્રહ્મન્ ! જે કરવાથી યોગ્ય ફળ મળે એવી પ્રબોધિની એકાદશીનો પ્રકાર કહો.’

બ્રહ્માએ કહ્યું, ‘એકાદશીનો દિવસો બ્રાહ્મમુર્હૂતમાં ઊઠી જળથી મુખ સાફ કરી સ્નાન કર્યા બાદ શ્રીહરિની પૂજા કરવી, ઉપવાસ કરવો. રાત્રે ભગવાનની આગળ કીર્તન કરી જાગરણ કરવું. ભગવાનની મૂર્તિને ફળો ધરાવવાં, ધૂપ, દીપ કરવાં, તુલસીપત્ર ધરવાં, ચંપાના પુષ્પો વડે ભગવાનનું પૂજન કરવું. લાલ સુગંધી કમળ ચડાવવાં, કેતકીના પુષ્પ અને દુર્વાથી વિષ્ણુનું પૂજન કરવું. આ પ્રમાણે કરવાથી કરોડો ગૌદાનનું પુણ્ય થાય છે.’

પછી વિધિપૂર્વક વિષ્ણુની પૂજા કરી વ્રત પુરું કરવા માટે બ્રાહ્મણોને જમાડવા, યોગ્ય દક્ષિણા આપી રાજી કરવા અને મધુરવાણીથી ક્ષમા માગવી. અને લીધેલો નિયમ બ્રાહ્મણને કહી તેની સમક્ષ છોડી દેવો. જે માણસે નક્ત ભોજનનો નિયમ લીધો હોય તે તે વસ્તુ કાંસ્યપાત્ર અથવા તામ્રપાત્રમાં દાન આપી છોડવો.

પત્રાવલીમાં ભોજનનો નિયમ લીધો હોય તો ઘીથી ભરેલા ઘડા અથવા પાત્રનું દાન કરવું. પગરખાનાં નિયમમાં પગરખાનું દાન કરવું.

જે મનુષ્યે મંદિરમાં દીવો કરવાનો નિયમ લીધો હોય તો તાંબાના અથવા સોનાના કોડિયાનું ઘી, વાટ સહિત દાન કરવું. એકાંતરા ઉપવાસ (ધારણા પારણાં) નું નિયમ લીધું હોય તો વસ્ત્રથી વીંટેલા અલંકારવાળા સોનાના ઉત્તમ આઠ ઘડાઓનું દાન કરવું. હે મનુ ! જો ઉપર કહેલાં દાન આપવાની શક્તિ ન હોય તો બ્રાહ્મણને નમસ્કાર કરી તેમને જમાડીને દક્ષિણા આપી વિદાય કરવા અને ચાતુર્માસના વ્રત તથા લીધેલા નિયમોની સમાપ્તિ કરવી. એવી રીતે જે માણસ વ્રત કરે છે તેને અનંત ફળ પ્રાપ્ત થાય છે. ને અંતે વૈકુંઠ-ધામને પામે છે. અને તેને બીજી વખત જન્મવું પડતું નથી. જે માણસ લીધેલ વ્રતનો ભંગ કરે છે તે સુખી થતો નથી.

હે નારદ ! તમે જે પૂછ્યું હતું તે મેં કહી સંભાળાવ્યું. આ કથાના પાઠથી અથવા સાંભળવાથી અનંત ઘણું પુણ્ય થાય છે.

---

# “મૃત્યુનો ભય”

પોકાર હેમલ અરવિંદકુમાર, કામરેજ (સુરત)

જેનો જન્મ છે તેનું મૃત્યુ નિશ્ચિત છે. લાકડાનો ટુકડો જળમાં નાખો એ તરવાનો જ છે. નદીના પુરમાં પડે તે તણાવવાનો જ. મંદિરના શિખર પર ધજા ચઢાવીએ તે પવનને કારણે ફરકવાની જ છે. તેમ આયુષ્ય ચાલ્યું જ જવાનું છે અને મૃત્યુ આપણી ઇચ્છા હોય કે ન હોય તે આવીને ઉભું રહેવાનું જ છે. મૃત્યુ એ અનિવાર્ય ઘટના છે. તેને રોકી શકાય તેમ છે નહીં અને હા એને સુધારી શકાય તેમ જરૂર છે ? સુધારી શકાય એટલે ? સાર્થક કરી શકાય. મૃત્યુ જરૂર આવશે હો હાય શુ કરશું ? આપણે જવું પડશે ! બધા રહેશે અને મારે એકનેજ જવાનું ? આવા બળાપાનો કોઇ અર્થ નથી. નામ છે તેનો નાશ છે. તેનાથી ડરવાની કે ગભરાવાની કોઇ જરૂર નથી. આ વાસ્તવિકતા છે તેને સ્વીકારવી પડશે.

મૃત્યુ કોઇને છોડતું નથી અને છોડવાનું નથી. ચાહે તો રાજા હો યા રંક, છોટે હો યા બડે, અમીર હો યા ગરીબ, ગૃહસ્થ હો યા ત્યાગી, પશુ હો યા પક્ષી કિસીકો નહી છોડતા. માટે મૃત્યુથી ડરશો તો પણ તેનાથી કોઇ બચી શકવાનું નથી.

મૃત્યુથી ડરો નહી, મોતનો ભય કાઢી નાખો. જેટલું જીવન જીવીએ તેટલું જીવન પ્રભુ ભજનથી સાર્થકતા ભર્યું અને શુરવીરતાથી જીવન જીવવું જોઇએ. આપણે કોના સંતાન છીએ? આપણો કઇ ભૂમિ પર જન્મ થયો છે ? આપણા ઋષિ મુનિઓ અને શાસ્ત્રો આપણને કેવા પ્રકારનું જ્ઞાન પ્રદાન કર્યું છે? તેનો વિચાર કરવો જોઇએ. દેહ તો નાશવંત છે. તે એક દિવસ નાશ થવાનો જ છે. આપણું સ્વરૂપ આત્મા છે તે કદી નાશ પામતો નથી તો પછી મૃત્યુનો ભય શા માટે ?

ભગવાન સ્વામિનારાયણે સ્વંય વચનામૃતમાં કહે છે કે વિશ્વાસી, જ્ઞાની, શૂરવીર અને પ્રીતિવાળો એ ચાર પ્રકારના જે ભક્ત હોય તેને મૃત્યુનો ભય ટળી જાય છે અને પોતાને એ કૃતાર્થ માને છે. એ ચાર પ્રકારના ભક્તનાં લક્ષણ કેવાં હોય છે ? તો જે વિશ્વાસી ભક્ત હોય તે તો ભગવાનના નિશ્ચય બળ વડે કરીને મૃત્યુનો ભય રાખે નહીં. એમ જાણે જે મને પ્રત્યક્ષ ભગવાન પુરૂષોત્તમ મળ્યા છે. માટે હું કૃતાર્થ છું અને જ્ઞાની ભક્તને આત્મજ્ઞાનનું બળ હોય તે એમ માને જે હું બ્રહ્મસ્વરૂપ એવો ભગવાનનો ભક્ત છું માટે એને મૃત્યુનો ડર હોય નહીં.

એક રાજાને પાંચ-પાંચ રાણીઓ છતાં દુઃખ ને અશાંતિથી ઘેરાયેલો રહેતો હતો. જ્યારે નરસિંહ મહેતાને એક જ પત્ની હતી અને તે પણ મૃત્યુ પામી ત્યારે નરસિંહ મહેતાએ ભગવાનની મસ્તીમાં મસ્ત થઇને પદ ગાયું કે ‘ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજશું શ્રી ગોપાલ’ આ પંકિત આપણને ઘણો મર્મ સમજાવે છે કે સંપતિ, ધન, દૌલત કે જગતના વૈભવી સુખો કે સુંદરી એ સુખ નથી આપતી, સમજણ સુખ આપે છે.

શ્રીજી મહારાજે વચનામૃતમાં છેલ્લા પ્રકરણના ૩૦મા વચનામૃતમાં પાંચ વાતનું અનુસંધાન રાખવાની સમજણ આપી છે. ત્યાં કયું કે આપણે આ દેહ મુકીને જરૂર મરી જવું છે તેનો વિલંબ નથી જણાતો. એ તો એમજ નિશ્ચય જણાય છે કે આ ઘડી આ ક્ષણમાં આપણે મરવું છે. ને સુખ-દુઃખ, રાજીપો

કુરાજીપો સર્વે ક્રિયામાં એવી રીતે વર્તે છે. બીજું કે આપણે મરવું છે. તેમાં આટલું કામ તો આપણે કર્યું છે ને આટલું બાકી છે તેનું નિરંતર અનુસંધાન રહે છે.

અર્થાત આપણે મૃત્યું આવવાનું એ નિશ્ચય છે તેમ સમજીને વધુને વધુ સમય ધ્યાન, ભજન હર પલ, હર ક્ષણ પ્રભુનું સ્મરણ રહે. સત્સંગ કરીને મૃત્યુને સુધારી લઇએ જેથી લખ-ચોરાસીના ફેરામાંથી મુક્તિ મળે અને આવાગમનમાંથી મુક્ત થઇ જઇએ અને ભગવાનના શાશ્વત સાચા સુખને પામી અક્ષરધામને પામીએ.

'મહામૃત્યુમાંથી અમૃત સમીપે નાથ લઇ જા'. સવાર અને સાંજ, દિવસ અને રાત્રિ, શિશિર અને વસંત આ બધાની નિત્ય આવન-જાવન ચાલ્યા કરે છે. કાળનો આ ખેલ છે અને તેમાં આપણું આયુષ્ય ચાલ્યું જાય છે છતાં હજુ લૌકિક પદાર્થો અને આશાઓ છોડાતી નથી. માટે હવે ભગવાન ભજી લે. મહામૃત્યુમાંથી હે પ્રભું તું તારા ધામને પમાડ.

અર્થાત મૃત્યુ નિશ્ચય છે. આપણે તેનાથી બીવાની જરૂર નથી પરંતુ મૃત્યુ આવે એ પહેલાં મનુષ્ય અવતરણનો સદુપયોગ કરી લેવો. અખંડ ભગવાનમાં વૃત્તિ રાખી શ્રી સ્વામિનારાયણ ભગવાનનું ભજનસ્મરણ અને સેવા કરી લેવી એ જ વાતમાં સાર છે. બાકી જગતના બધાં વૈભવી સુખો નિરર્થક છે નડતરરૂપ છે અક્ષરધામ જવા માટે.

---

# તુલસી વિવાહ

કુશધ્વજ રાજાની દીકરી વૃંદા સમુદ્રના પુત્ર જાલધર સાથે પરણી હતી, વૂદા ઘણી સૌંદર્યવાન અને પતિવ્રતા નારી હતી, તેથી મનમાં છકી ગયેલો જાલંધર દેવો, રાજાઓને હેરાન કરવા લાગ્યો,એક વખત શંકર પાસે જઈને જાલંધરે યુધ્ધ માગ્યું, શંકરના ઘણો જાલંધર સાથે યુધ્ધ કરવા લાગ્યા, જોમવંતા જાલંધરે બળપૂર્વક ગણોને હરાવી દીધા, આખરે શંકર ભગવાન જાતે જ યુધ્ધમાં ઉતર્યા, જાલંધરના વિકરાળ યુધ્ધથી શંકર પણ થાકયા, તેઓ મનમાં વિષ્ણુ ભગવાનને પ્રર્થના કરવા લાગ્યા.

ત્યારે ભગવાન વિષ્ણુએ લક્ષ્મીજીને પુછયું તારા ભાઈ જાલંધરનું યુધ્ધ કેવી રીતનું છે ? લક્ષ્મીજીએ ખબર ન હોવાનું કહ્યું, ત્યારે વિષ્ણુજીએ સવાલ જાલંધરને જ પુછવા લક્ષ્મીજીને કહ્યું, ભાઈનું મૃત્યુ શા માટે પુછવું ? લક્ષ્મીજીએ દલીલ કરી, ત્યારે વિષ્ણુ ભગવાને કહ્યું, તમને તમારો ભાઈ પ્રિય છે કે હું ? પ્રિય તો તમે છો. તો પછી જઈને હું કહ છું કે જાલંધરનું મરણ કેવી રીતે થશે ? તે જાણી લાવો.

લક્ષ્મીજી ગયાં જાલંધર પાસે અને ભાઈને પૂછયું ત્યારે જાલંધરે કહ્યું, જયારે મારી પત્ની વૃંદાનું પતિવ્રત ભ્રષ્ટ થશે, ત્યારે મારૂં મૃત્યું શકય બનશે. લક્ષ્મીજીએ જઈને તે વાત ભગવાનને કરી, ભગવાને વિચાર્યું કે યુકિત કરીને વૃંદાનું પતિવ્રત પણાને તોડવું પડશે.

હવે ભગવાને એક મુનિનું રૂપ લીધું અને બેઠા, ત્યાંથી વૃંદા પસાર થઈ, તેણે જોયું કે એક મૃગલીને મુનિએ અંજલી છાંટીને જીવતી કરી, એ જોઈ વૃંદાને નવાઈ લાગી. વૃંદાએ મૂનિને પુછયું હે મૂનિજી! મારો પતિ જાલંધર શંકરની સાથે લડવા ગયેલ છે તેનું શું થયું ? મને ઘણાં અનિષ્ટ સ્વપન આવે છે.

ત્યારે વિષ્ણુ કહે, તારા જાલંધરનું તો મરણ થઈ ગયું છે. એમ કહી આકાશમાંથી ભગવાને રચેલી માયા દ્વારા જાલંધરના મૃત શરીરના ટુકડા બતાવ્યા, વૃંદાતો હૈયાફાટ રડવા લાગી, તેણે ભગવાનને કહ્યું, સંતજી! મારા પતિને જીવતો કરી આપો. ભગવાન કહે મરેલાને જીવતો કેમ કરાય? ત્યારે વૃંદા કહે, તમે મરેલી મૃગલીને જીવતી કરી તો મારા જેવી પતિવ્રતા નારીના પતિને જીવંત ન કરી શકો? આ સાંભળી સ્વયં ભગવાને જ લીલા કરીને પોતે જાલંધરનું રૂપ ધર્યું પોતાના પતિને જીવતો થયેલો જાણીને વૃંદા તેને ભેટી પડી. અને પછી તેની સાથે પ્રેમ પૂર્વક રહેવા લાગી. તેથી તેનું વ્રત તુટયું પતિવ્રતાપણું ભંગ થયું.અને ફળ સ્વરૂપે આ તરફ જાલંધરનો વધ કરી શકયા.

આમ ભગવાને યોજેલી યુકિત સફળ થઈ, પરંતુ પછી જયારે વૃંદાને ખબર પડી કે, આતો ભગવાને જ પ્રપંચ કરીને મારૂં સતીત્વ ભંગ કર્યું અને જાલંધરનો વધ કરાવ્યો. ત્યારે વૃંદા ઘણી ક્રોધાયમાન થઈ અને કહ્યું, ભગવાન થઈને તમે મારી સાથે દગો રમ્યા, તમારે સ્થાને કોઈ બીજો હોત તો તેને બાળીને ભષ્મ કરી નાખત, પણ જાઓ તમને શાપ આપું છું કે, તમે પથ્થર થઈને રહેશો.

ત્યારે ભગવાને કહ્યું. મેં જે કર્યું તે એક ખરાબ માણસના નાશ કરવા કર્યું, છતાં તું મને શાપ આપે છે? તો જા હું પણ તને શાપ આપું છું. કે તું વૃક્ષ બનીને રહેજે. આથી વૃંદા તો દુઃખ પામી. અને રડવા લાગી, હે પ્રભુ! મને હવે આપ અળગી ન કરો. અપનાવી છે તો અપનાવી જ લ્યો.

તેથી ભગવાન કહે છે, આ મેં તારી સાથે સ્નેહ જીવન ભોગવ્યું છે. હવે આપણે સાથે જ રહેશું. બસ હું શાલીગ્રમ અને તું તુલસી, અને ત્યારથી ભગવાન શાલીગ્રમરૂપે અને વૃંદા તુલસીરૂપે છે. દર કાર્તિક સુદ એકાદશીથી પૂનમ સુધીના દિવસોમાં શાલીગ્રામ સાથે તુલસી ના વિવાહનો ઉત્સવ ઉજવવામાં આવે છે.

કાર્તિક સુદિ એકાદશિને દિવસે શ્રીહરિને જગાડીને પ્રર્થના કરવી કે હે ભગવાન હે ગોવિંદ ઉઠો ઉઠો હે ગરૂડધ્વજ ઉઠો --લક્ષ્મીપતે-- ઉઠો અને ત્રણે લોકોનું કલ્યાણ કરો.

એટલું કહી પ્રાતઃકાળમાં શંખ ઢોલ વીણા વાંસણી અને મૃદંગ વગેરે વાજાં વગડાવવાં ત્યારે પછી નારાયણને વસ્ત્ર આભુસણ પહેરાવી પૂજા કરી સાયંકાળે તુલસી વિવાહ કરવો. નાની સોનાની શકિત પ્રમાણે વિષ્ણુની શુભ મૂર્તિ કરાવવી અને પોતે રોજ તુલસીને જળ પાઈ કન્યાની પેઠે મોટી કરેલી છે એવી તુલસી અને વિષ્ણુની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરવી અને પુરૂષસૂકત બોલીને ષોડશોપચારોવડે પૂજા કરવી, ત્યાર પછી વિષ્ણુ અને તુલસીનો વિવાહ કરવો. પછી વિષ્ણુને પ્રસન્ન કરવા માટે પોતાના કુળની રીત રિવાજ પ્રમાણે ક્રિયા કરવી. આ તુલસી વિવાહ વૈષ્ણવોએ વર્ષોવર્ષ અવશ્ય કરવો. તેમ કરવાથી મનુષ્ય કૃતાર્થ થાય છે. પૂજા કર્યા પછી જે આપવું હોય તે આપી, હે ભગવાન્ આપ તુલસીની સાથે વૈકુંઠમાં પધારો, ને મેં કરેલી પૂજા સ્વીકારી સદા પ્રસન્ન રહો એ પ્રમાણે કરવાથી મનુષ્ય કૃતાર્થ થાય છે. જે માણસ વર્ષોવર્ષ શુભ તુલસી વિવાહ એવી રીતે કરે છે તેની સત્કીર્તિ આ લોકમાં અને પરલોકમાં ફેલાય છે. અને માણસ વર્ષો વર્ષ તુલસી વિવાહ કરે છે તે ભકિતવાળો, ધનવાળો અને ધાન્યવાળો થાય છે.

# અતિ સારસ અને રહસ્યની બે વાતો ભુજમાં બતાવતા શ્રીહરિ

અહેવાલ :- રસિકભાઈ રા. ગોળવિયા, સુરત

શ્રીજી મહારાજે શરૂશરૂમાં ભુજના હરિભક્તોના આગ્રહના લીધે દિવાળી અન્નકૂટ ઉત્સવ ત્યાં કર્યો ત્યારે બે વાતો અતિસરસ અને સમજવા જેવી કરી. જે સહુકોઈને તે વાત સાંભળીને જરૂર આશ્ચર્ય થાય અને સમજાય પછી અતિ મજા આવે એવી વાતો કરી એક તો એ કે મહારાજ કહે એમો મોટા માણસ કે મોટા અધિકારીને જે સંસારમાં મોટો કહેવાતો હોય પૈસાદાર કે આગેવાન અને રાજ્યનો અધિકારી જે મોટા હોદ્દા ઉપરી હોય તેને સત્સંગમાં લેતા નથી. આ વાત વચનામૃતમાં પણ મોટેરા સંતોએ મોટા મોટા રાજાઓને સત્સંગમાં લેવાથી સત્સંગ વધે તેમ કહેતા મહારાજે સ્પષ્ટ કહી દીધેલું કે મોટા માણસ સાથે અમારે બને નહી તેને રાજ્યની સતાનો મદ હોય. અમોને ત્યાગ વૈરાગ્યનો તેનો ભોગનો માર્ગ અમારો

યોગનો ભક્તિનો તેની સાથે અમારે બને નહી. જોકે મુમુક્ષુ સત્સંગના ગુણવાળાને સ્વીકારતા ગોંડળ નરેશ વડોદરા સરકાર પછી ભાવનગર દરબાર વગેરે. મહારાજ તેવા મોટા અધિકારીને સત્સંગમાં લેવાથી તે આગળ ચાલે તો સત્સંગને ડુબાડે. કારણ કે સતાધારી અધિકારી હોય તેને બીજો સામાન્ય માણસ કે સંત કઈ રીતે કહી શકે. કહેતો માને નહિ. તે અધિકારી ન્યાયની વાતને પણ અનીતિ અન્યાયથી ઠોકી બેસારે અને પોતાના હાથમાં અધિકાર હોય તેથી તે પોતાનો દોષ સામે વાળા ઉપર ઓઢાડી દે. અમલદાર સતાધારી સતાનો કેફ બનાવ્યા વગર રહે નહી. જેમ અગ્નિને જેટલો અડકીએ તેટલાં દાઝી જવાય. તે જેટલો બીજાને અડે તેટલો દજાડે છે. પોતે પોતાના ગુણને પ્રગટ કરે છે. મોટા રાજાઓ કે મોટા અમલદારો જ્યાં સુધી સત્સંગમાં આવ્યા નથી. ત્યાં સુધી બધા જ હરિભક્તોને આનંદ સુખ રહે છે. હરિભકતના મંડળની સભાપણ શાંતિદાયક થાય છે. અત્યારે આપણી સભા એવી છે હરિભક્ત શિવાયના અન્ય કોઈ માણસ નજરે પડતા નથી. અને આવી સભાના જે દર્શન કરે તે પરમપદને પામે છે. આ સંકેત જગજીવન સભામાં આવવા પહેલાનો મહારાજનો હતો. આ વાત મહારાજે ભુજમાં ધનતેરસે સભામાં કરી.

બીજા દિવસે સભામાં સંતોના નિર્માની, નિષ્કામી અને ક્ષમારૂપી ગુણ માટેની વાત કરી. જેનાથી ગમે તેવા અસુર સ્વભાવના પાપી કે દ્વેષીનો નાશ કરી શકાય છે. જે શાસ્ત્રોમાં લખેલા સંતોના ધર્મો પૂર્વે સત્યુગ કે ત્રેતા, દ્વાપરમાં પાળ્યા નથી તે આજે કળિયુગમાં પળાવીને બતાવવા છે તે વાત કરતા ભુજની સભામાં મહારાજ કહે છે. હે સંતો જગજીવન અને તેના દ્વારા એક સંપ થયેલા અસુર દ્વેષીઓ ચાહે તેટલો ઉત્પતિ કરે પણ તેને સહન કરવું તે તમારો સાધુનો ધર્મ છે. શાસ્ત્રોમાં સંતોના સનાતન ધર્મ લખ્યા છે. તે પૂર્વે સતયુગમાં કે ત્રેતામાં કે દ્વાપરમાં કોઈએ જેમ છે તેમ પાળ્યા નથી. તે મારે પ્રગટ કરી દુનિયાને બતાવવા છે. અને જો આ વખતે આવા સમયે જો હું ધર્મોને પ્રગટ ન કરું તો મારા પ્રતાપને જગતમાં કોણ જાણશે ? આજે અહીં ભુજમાં દરેક અસુરો એક થઈ ધર્મને તોડી પાડવાની પ્રતિજ્ઞા કરી છે. અત્યારે જેટલા સતા ઉપર છે તેઓમાં અસુરોએ પ્રવેશ કર્યો છે. માટે સાધુતાના વર્તન રાખીને વગર હથિયારે આપણે તે અસુરોને જીતવા છે.

જેમ સળગતા અગ્નિ ઉપર પાણીનો ધોધ મોટો કરતા અગ્નિ ઓલવાઈ જાય છે. તેમ તમારા ધર્મરૂપ ક્ષમારૂપી વર્તનથી અસુરોને જીતવા છે. જેમ આકાશનો અસંગીપણુ, વાયુનું ગતીશીલતાપણું, નળનું શીતળતા પણું ભૂમિનું ક્ષમારૂપ ગુણ તે પ્રત્યેક ગુણ તમોએ સ્વીકરીને આ વેળાએ સંતોએ લોકોને જ્ઞાન આપવાનું છે. વૃક્ષ પરોપકાર, મેઘ જીવનરૂપ જળદાન કરે સાગરનો ગંભીરતારૂપ ગુણ જે તમોએ રાખવાના છે. જેમ દતાત્રેય ૨૪ ગુરુઓમાંથી એક એક સારો ગુણ ગ્રહણ કર્યો. તેમ જેમાં જે સારો ગુણ દેખાય તે ગ્રહણ કરી લેવા. બીજાના ગુણ ગ્રહણ કરવાથી પોતામાં શુભ ગુણ આવે છે અને અપયશ દૂરભાગી જાય છે. આ સાધુ છે કે અસાધુ તેનું વર્તન તેના ગુણ જ બતાવશે. મુખથી મૌન રહેવું, બોલવું તો મીઠું બોલવું અને તે જ અમૃત કરતા વધુ મીઠુ છે જો આપણે સાધુ થયા તો બધુ જ સિધ્ધ થઈ ગયું ગણાય. તેથી સાધુમાં બધા જ ગુણ આવીને રહે છે. મોટા પુરુષોએ સંતોના ગુણને બાવના ચંદનરૂપી કહ્યા છે. સાધુના અમૃત સમાન મીઠા વચનો મીઠાવેણ વરસાવીને લોકોને નિર્મળ કરી દે છે જેમ બાવના ચંદન પોતાને કાપનાર કુહાડીની તીખી ધારને પણ બૂઠી કરી દે છે. તેમ સંતની નિર્દોષ નિર્મણી મીઠી વાણી છે. જ્યારે અસાધુના વચનો આગ જેવા ગાળો અને બકબક જેમ ફાવે તેવું એશ્લિલ બોલવું હોય છે. જો સાધુમા સાધુતા પરિપૂર્ણ હોય તેની આગળ ગમે તેવો અસાધુ પણ સાધુ જેવો

થઈ જાય છે. અને તે અસાધુમાં સાધુતાના ગુણ આવી જાય છે. અસાધુના વચનો ઝેર જેવા હોય છે. સાધુના વચનો અમૃત જેવા હોય છે. માટે ગુણને વારંવાર વિચારવા. તેથી અપાર સાધુતા આવે. સાધુતા શીખે તો જ સાધુતા પામે તેની પાસે અસાધુતા આવે જ નહિં. અને સાધુતાના ગુણ ન શીખે ત્યાં સુધી તે સાધુ કાંઈ શીખ્યા જ નથી. સાધુતારૂપી ગુણ સર્વોપરી છે. અને ભગવાન આવા સાધુના ગુણને હૃદયમાં અને શિર ઉપર ધારે છે. સાધુની આગળ તો ભગવાન પણ દીન આધિન વર્તે છે. જેટલા અનંત ગુણો કહેવાય છે તે બધા સાધુતામાં સમાઈ જાય છે.

ભગવાન ભવ, બ્રહ્મા, ઈન્દ્રાદિક દેવો સિધ્ધોને મુક્તોને એ બધાના ગુણોને પ્રસન્ન થયેલા ભગવાન આપે છે. પણ તેઓને સાધુતાના ગુણ આપતા નથી. જે સાધુ હોય તેના મનમાં ક્યારેય ઉદ્વેગ આવે જ નહિં. પોતાના ચિતમાં ભગવાનની મૂર્તિ જ રાખે કે જે ભગવાન સર્વના મિત્ર છે. જેનાથી સંતાપ થતો હોય તેનો સાધુ પુરુષે તત્કાળ ત્યાગ કરી દેવો. સાધુપુરુષ હંમેશા શાંત રહે છે. શાંત રહે છે તે જ સુખી રહે છે. તેજ સુખી કહેવાય છે. અને સાધુના શિવાય કોઈને પણ સુખ શાંતિ નથી. સંતોના ગુણ ઘણા બળવાન છે. હવે આપણે સહુને બળવાન ગુણો આપવા છે.

આમ મહારાજે અસુર બુદ્ધિવાળાને માત કરવા સાધુએ ક્ષમાનું મોટુ શાસ્ત્ર ધારણ કરી રાખવું. જે કે મહારાજની ઈચ્છા સત્સંગમાં દ્વેષિ-અસુરોનું પતન કરવા તેવી હતી અને અજમાઈશ પણ કરેલી છે આપણે જાણીએ છીએ જે અસુર, દ્વેષિ દ્વેષિરાજા કે દ્વેષિ ત્યાગી વૈરાગીને પૂર્વેને ચાલુના પુણ્યનો હોય જ તેને ખતમ કરવા સાધુ સંતનો દ્રોહ કરવો તેનું તાડન કરવું તે જ છે. તેથી સંતોને ક્ષમાનું શરમ સાથે તેની સામે મોકલતા તેથી તેનું પુણ્ય ખતમ થતા તે અસુર દ્વેષિનો કાયમ માટે નાશ થાય છે. એક વાત આગળ પણ આવા દ્વેષિનો નાશ કરવા જ્યાં જ્યાં ઉપદ્રવ હતો ત્યાં ત્યાં સાધુને મોકલી તેમને દ્વેષ કરી તેનું પુણ્ય ખલાસ કરાવી તેનો નાશ કરાવ્યો છે. ઝાલાવાડ પ્રદેશમાં વઢવાણ, ધાંગૃધા વગેરેમાં જ્યાં દ્વેષિ ત્યાગી વૈરાગી અને રાજાઓ હતા ત્યાં સંતોના મંડળો મોટેરા સંતોને વારંવાર ત્યાં મોકલતા તેમ તેને નાશ કરેલો. તેમ આજે આ સભામાં સંતોને ક્ષમાનું અને સાધુતાનું વર્તન રાખી સતયુગના સાધુતાના ધર્મો જે શાસ્ત્રોમાં લખ્યા છે. પણ જેમ છે તેમ કોઈએ પાળ્યા નથી તે પળાવીને દ્વેષિઓના નાશ કરાવવાનો હેતુ છે. તેથી તો સંતોએ કીર્તનમાં વણ્યુ છે કે કળિયુગમાં સતયુગ સ્થાપિયો - આમ શ્રીજી મહારાજે ભુજ નગરમાં દિવાળી અન્નકૂટની સત્સંગ સભામાં બે વાતો અતિ અગત્યને સત્સંગ માટે સંતો માટે કહી જે બહુ જ મનનીય છે. આધારાનંદ સ્વામીએ અહીં આ બાબત ઘણુ જ લખ્યું છે.

# ભુંડા ઘાટ કોની આગળ કહેવા

વ્હાલા વાચક મિત્રો ! શ્રીજી મહારાજે આપણને પંચ વર્તમાન પાડવાની આજ્ઞા કરી છે. છતાં પણ આપણે મોટા સંત પુરુષ વિષે ભુંડું બોલીએ છીએ. શ્રીજી મહારાજે તો ત્યાં સુધી કહ્યું છે કે મોટા સંત પુરુષનું જે ભૂંડું બોલે છે એમનો જે અવગુણ કહે છે તેને જ કેવળ પાપ લાગે છે એમ નહીં, પરંતુ મોટા પુરુષોના અવગુણને જે સાંભળે છે તે પણ પાપી થાય છે.

કેટલાક તો ભગવાન કે ભગવાનના ભક્તના

અવગુણની વાતોમાં રસ પડે છે. તે પોતાની સારપ રાખવા સારું કોઈ તેમનું ઘસાતુ બોલે તે સાંભળી રહે છે. પરંતુ એવા જે હોય તે સત્સંગી કહેવાતા હોય તો પણ વિમુખ જાણવા એવું શ્રીજી મહારાજ કહે છે. આ સંસારમાં કોઈક સ્ત્રી પોતાના પતિ ઉપર ને બીજા ઉપર સરખું હેત રાખે તે વેશ્યા જેવી ભુંડી કેહવાય, તેમ આ સંસારને વિષે જે એવો પુરુષ હોય જે આપણે તો બધાય સાધુ સરખા છે કોને સારો ને કોને નરસો કહીએ ? તો તે સત્સંગી હોય તો પણ તેને વિમુખ જાણવો અને જે પુરુષ એમ જાણે જે આપણે કઈક અવળુ-સવળુ બોલીએ તો માણસ આપણો અવગુણ લેશે એવી રીતે પોતાની સારપ રાખવા સારું ભગવાનનું કે ભગવાનના ભક્તનું કોઈ ઘસાતુ બોલે તેને સાંભળી રહે તો તે સત્સંગી કહેવાતો હોય તો પણ તેને વિમુખ જાણવો.

વળી શ્રીજી મહારાજ એમ કહે છે - કે જેને સત્સંગનો અતિ દૃઢ પક્ષ હોય જ્યારે કોઈ સંત કે સત્સંગનું ઘસાતું બોલે ત્યારે ખમી શકે નહીં. જેમ પોતાનો કુટુંબી હોય તેને સાથે કચવાણ થઈ હોય તો પણ જ્યારે તેનું ઘસાતું બોલે ત્યારે ખમાય નહીં. એવી રીતે જેવો દેહના સબંધીનો પક્ષ છે તેવો જેને સત્સંગનો પક્ષ હોય તેનો પાયો સત્સંગને વિષે અચળ રહે છે. અને એવો જેને સત્સંગનો પક્ષ છે તે સંત અથવા સત્સંગી સંગાથે માન, મત્સર, ઈર્ષ્યા કેમ રાખી શકે ? માટે જેને સત્સંગનો પક્ષ હોય તેના માન, ઈર્ષ્યા આદિ સર્વ શત્રુનો નાશ થઈ જાય છે. અને જેને સત્સંગીનો પક્ષ ન હોય અને સત્સંગીને કુસંગીને વિષે સમભાવ હોય તો તે ગમે તેવો સત્સંગમાં મોટો હોય પણ અંતે જરૂર વિમુખ થાય છે. એટલું જ નહિં પણ અનેક જીવોને આત્યંતિક કલ્યાણના માર્ગમાંથી પાડી નાખે છે. માટે સત્સંગી બધુંઓ આવા ખરાબ માણસોથી સાવધાન રહેવું આને કારણે ક્યાંક આપણું ખરાબ ન થઈ જાય. વચનામૃત ગ.પ્ર.પ્ર. ૭૮ વળી શ્રી સ્વામિનારાયણ ભગવાન એમ કહે છે કે પરમેશ્વરની બાંધેલ જે પંચ વર્તમાનની મર્યાદા, તેમાંથી કોઈક વર્તમાનનો તે સાધુ ભંગ કરે ત્યારે તેનો અવગુણ લેવો ત્યારે એમાં આપણે એટલું સમજવું કે વર્તમાનનો લોપ કરનારાઓથી આપણે દૂર રહેવું. સત્ અસત્નો વિવેક રાખી એવાનો સમાગમ કરવો પણ એના વર્તમાન લોપની પ્રસિદ્ધ કરી એને ફજેત કરવો નહિં. તેમજ સત્સંગ સમાજમાં કે જન સમાજમાં એને હલકો પાડવો નહીં. એટલા સારું જ શ્રીજી મહારાજ નિષ્કપટ થવાનું જે કહ્યું છે તે ફક્ત સાચા સત્પુરષ આગળ જ જેની તેની આગળ નહીં અંતે તેમાં પણ વિવેક બતાવ્યો છે કે પોતાના મનમાં ભુંડા ઘાટ થતા હોય તે કહેવા પણ તે 'કૂતરાનું મુખ કૂતરો ચાટે તથા રાંડીને ઘેર સુવાસણી સ્ત્રી જાય ત્યારે તે કહે જે આવ બાઈ હું જેવી તું પણ થા તેમ પોતાની પેઠે જેને ભૂંડા ઘાટ થતા હોય તેની આગળ ઘાટ કહેવા તે આ દૃષ્ટાંત દીધા જેવું છે. માટે ઘાટ કોને કહેવો ? તો જેના મનમાં કોઈ દિવસ જગતનો ભૂંડો ઘાટ ન થયો હોય એવો બળિયો હોય તેની આગળ કહેવો અને એમ ઘાટ ન થાય એવા પણ ઘણા હોય તેમાંથી પણ એવાને ઘાટ કહેવો તેમાંથી પણ એવાને ઘાટ કહેવો જે તે ઘાટને સાંભળીને તે ઘાટ ઉપર વાત કરે તે જ્યાં સુધી તે કહેનારાનો ઘાટ ટળી જાય ત્યાં સુધી બેસતા ઉઠતા ખાતા પીતા વગેરે સર્વે ક્રિયામાં વાત કર્યા કરે અને તેના ઘાટ ટાળ્યામાં કેવી ચાડ હોય તો જેમ પોતાના ઘાટને ટાળ્યાનો ચાડ હોય તેવો હોય એવા આગળ ઘાટ કહેવો અને જેની આગળ ઘાટ કહીએ ને તે આવી રીતે વાતો ન કરે ને પોતે આળસુ હોય તો શો સમાસ થાય ?

સાધુ ગુણે યુક્ત સાચા સંત આગળ નિરંતર નિષ્કપટપણે વર્તવું પણ શ્રીજી મહારાજે દરેકની આગળ કે ગમે તેની આગળ ભુંડા ઘાટ નિવેદન કરવાનું કે નિષ્કપટ થવાનું કહ્યું નથી.

અહેવાલ :- હરેશ આર. હિરાણી

# સંસ્થા સમાચાર

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

## આસો સુદ-૧૧ એકાદશીના દિવસે દેવોના શિખર પરની ધ્વજાના યજમાનશ્રીઓની નામાવલિ

- પ.ભ. ક્રિશકુમાર મુકેશ હિરાણી - ફોટડી હાલે નૈરોબી
- પ.ભ. લાલજીભાઈ ગોપાલભાઈ દબાસીયા - માનકુવા
- પ.ભ. અમરબેન વીરજી હાલાઈ હ. ધનસુખ તથા મોનિકા - દહીંસરા
- પ.ભ. હરજીભાઈ જાદવજી હિરાણી - ગોલડા
- પ.ભ. અમૃતબેન પરેશ ગામી - માધાપર
- પ.ભ. કાન્તીભાઈ વાલજી ભુડીયા, હ. કાન્તીભાઈ પાધરા - માધાપર
- પ.ભ. હંસાબેન રમેશ વેકરીયા સાં.યો. સવિતાબેન ભુડીયાની પ્રેરણીથી - નારણપર
- પ.ભ. કિશોરભાઈ નાનજી ખેતાણી - નરનારાયણનગર
- પ.ભ. રાજેશભાઈ નાનજી હાલાઈ પરિવાર - નારણપર
- સાં.યો. હર્ષાબેન રામજી - સુખપર
- પ.ભ. અ.નિ. દેવજીભાઈ મુળજી વેકરીયા હ. રાજુ દેવજી - પિયાવા-માંડવી
- પ.ભ. માનુબેન રમેશ હરજી વરસાણી હ. રમેશ હરજી ભારાસરવાળા - ભુજ
- પ.ભ. નીતિનભાઈ હરજી વરસાણી - સુખપર
- પ.ભ. ભાવેશભાઈ કુંવરજી પિંડોરીયા - સામત્રા
- પ.ભ. નરેન્દ્રભાઈ વેલજી વરસાણી - ભારાસર
- પ.ભ. ખુશાલભાઈ ગોવિંદ વરસાણી - નારાણપર ની.વાસ.
- પ.ભ. પ્રિયાબેન મનજી કાનજી રાઘવાણીના જન્મદિવસ પ્રસંગે હ. કરસન કાનજી - બળદીયા
- પ.ભ. નીલેશભાઈ વિશ્રામ જેસાણી - બળદીયા
- પ.ભ. જીગ્નેશભાઈ મનજી કરસન કારા સહપરિવાર - દહીંસરા
- પ.ભ. હરીશભાઈ શામજી કેરાઈ હ. કેશરા ગોપાલ દબાસીયા - માનકુવા
- પ.ભ. લક્ષ્મીબેન હરીશ વેકરીયા - માધાપર
- પ.ભ. કુશીતાબેન હિતેશ વેકરીયા - માધાપર
- પ.ભ. મનજીભાઈ વાલજી વરસાણી - સામત્રા
- પ.ભ. ઘનશ્યામભાઈ વાલજી હિરાણી - માંડવી
- સાં.યો. રસીલાબેન મનજી - ભારાસર
- પ.ભ. અ.નિ. કરસનભાઈ રામજી પિંડોરીયા હ. પ્રવીણ કરસન - નારણપર
- પ.ભ. રૂપેશભાઈ માવજી હિરાણી મીરજાપરવાળા - ભક્તિનગર
- પ.ભ. ઘનશ્યામભાઈ રામજી કેરાઈ - નારણપર
- પ.ભ. શાંતાબેન હરીશ વેકરીયા હાલે નૈરોબી - સુરજપર
- પ.ભ. ખીમજીભાઈ નારણ પિંડોરીયા - દહીંસરા
- પ.ભ. અરવિંદભાઈ લાલજી વાઘાણી - માનકુવા
- પ.ભ. કુંવરજીભાઈ કરસન ગોરસીયા વેકરાવાળા - કમ્પાલા
- પ.ભ. પરેશભાઈ દેવજી હિરાણી - અંજાર
- પ.ભ. દિનેશભાઈ નાનજી વેકરીયા - નારણપર
- પ.ભ. દક્ષાબેન વિનોદ ખેતાણી મહંત સાં.યો.

- શામબાઈ ફઈની પ્રેરણીથી - મદનપર
- સાં.યો. હંસાબેન કાનજી કેરાઈ - નારણપર
- પ.ભ. રામબાઈ કુંરજી છભાડીયા હ. શીવજી કુરજી - રામપર વેકરા
- પ.ભ. કાંતિભાઈ વાલજી હિરાણી ધ.પ. રંજનબેન, પુત્ર મુકુન્દ તથા ગૌતમ મહંત સાં.યો. શામબાઈ ફઈની પ્રેરણાથી - મીરજાપર
- પ.ભ. હિરબાઈ દેવશી વાલજી હિરાણી - સુખપર
- પ.ભ. હરજીભાઈ લાલજી હિરાણી, પ્રેમબાઈ હરજી, હિતેશ હરજી, ભાવના હિતેશ, નૈતિક હિતેશ, મૈત્રી હિતેશ સાં.યો. રતનબાઈ દેવશીની પ્રેરણાથી - ભક્તિનગર
- પ.ભ. મંજુલાબેન દેવજી કેરાઈ - મીરજાપર
- પ.ભ. પરેશભાઈ ખીમજી હરજી વરસાણી - માંડવી ડોણ
- પ.ભ. હિતેશભાઈ મનજી હિરાણી - નારણપર
- પ.ભ. દિનેશભાઈ દેવશી મેપાણી - સુખપર
- પ.ભ. અરવિંદભાઈ ખીમજી ભુડીયા - માધાપર
- પ.ભ. અવધભાઈ પ્રવીણ વેકરીયા - માધાપર
- પ.ભ. મિલનભાઈ કિશોર ભુવા - સુખપર
- પ.ભ. માવજીભાઈ હરજી રતના ગોરસીયા - ભક્તિનગર
- પ.ભ. પ્રેમજીભાઈ રામજી હિરાણી - માધાપર
- પ.ભ. મનીષાબેન સુરેશ કેરાઈ - માધાપર
- પ.ભ. સવિતાબાઈ રવજીભાઈ વરસાણી સાં.યો. મંજુબાઈની પ્રેરણાથી - મદનપર
- પ.ભ. લાલજીભાઈ ગોપાલ દબાસીયા - માનકુવા
- પ.ભ. મહેશભાઈ નરેન્દ્ર વરસાણી - ભારાસર
- પ.ભ. જયંતીલાલ મનજી વેકરીયા - રામપર વેકરા
- પ.ભ. મિલનભાઈ કિશોર ભુવા - સુખપર
- પ.ભ. માવજીભાઈ હરજી રતના ગોરસીયા - ભક્તિનગર
- પ.ભ. કાંતાબેન નરેન્દ્ર વરસાણી - ભારાસર
- સાં.યો. રસીલાબેન મનજી - ભારાસર
- પ.ભ. મિલનભાઈ કિશોર ભુવા - સુખપર
- પ.ભ. પરેશભાઈ નાનાલાલ પુજારા સુપુત્રી ચિ. ઈશીતાના લગ્ન પ્રસંગે હ. અરવિંદભાઈ ઠક્કર - ભુજ
- પ.ભ. માવજીભાઈ હરજી રતના ગોરસીયા - ભક્તિનગર
- પ.ભ. દિનેશભાઈ જાદવજી વરસાણી - સામત્રા
- પ.ભ. દક્ષાબેન જાદવજી વરસાણી - સામત્રા
- પ.ભ. નાનજીભાઈ હરજી જેસાણી ધ.પ. રામબાઈ નાનજી,પુત્રી દીપાબેન - બળદીયા
- પ.ભ. પ્રેમીલાબેન દિનેશ વરસાણી - સામત્રા
- સાં.યો. કસ્તુરબાઈ લાલજી ભુડીયા - સુખપર
- સાં.યો. કાંતાબેન હરજી વરસાણી - સુખપર
- પ.ભ. વસંતબેન કેશવલાલ સોની હ. કલ્પેશ એસ. પાટડીયા - ભુજ
- પ.ભ. જાદવાભાઈ માવજી સેંઘાણી હ. દેવજી માવજી
- પ.ભ. કાંતિલાલ વાલજી ભુડીયા સાં.યો. સવિતાબેન ભુડીયાની પ્રેરણાથી - માધાપર
- શ્રી નરનારાયણદેવને રસોડું અર્પણ કરનાર યજમાનશ્રીઓ
- પ.ભ. અ.નિ. ધનજીભાઈ ગાંગજી હિરાણીના સ્મણાર્થે હ. કુંવરબાઈ ધનજી હિરાણી - મદનપુર
- પ.ભ. અ.નિ. માવજીભાઈ કુંવરજી જેસાણી હ. ધ.પ. વાલબાઈ માવજી - દહીંસરા
- પ.ભ. વાલજીભાઈ કરસન હીરાણી ધ.પ. તેજબાઈ વાલજી - મીરજાપર
- પ.ભ. સુંદરબાઈ નારણ ભુડીયા પરિવાર હ. સાં.યો. પૂરબાઈ - માધાપર

## જીસ સંપ્રદાય કે મંદિર કો બ્રિટન કી મહારાણી ને સારાયો હો... ઉસ સંપ્રદાય સે સન્માન મિલના એક બડી બાત હૈ

ભુજમાં તીર્થધામ શ્રી સ્વામિનારાયણ મંદિરે રવિવારના સવારે ભારતીય લશ્કરના ડે.ચીફ ઓફ આર્મી સ્ટાફ (આઈએસ એન્ડ ટી) લેફ. જન. જયપ્રકાશ નહેરા પરિવાર સહિત દર્શનાર્થે આવ્યા હતા. આ અવસરે મંદિરના મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ તેમને સાલ ઓઢાડી સન્માનિત કર્યા હતા. જેથી ભાવવિભોર થઈ લેફ. જન. જયપ્રકાશે કહ્યું હતું કે, "જિસ સંપ્રદાય કે મંદિરકો બ્રિટનની મહારાણીને 'મોસ્ટ ફેવરીટ ટેમ્પલ' કા દરજ્જા દિયા હો ઉસ મંદિર કે મહંત કે હાથોં સે સન્માનિત હોના બડે ગર્વ કી બાત હૈ."

આ પ્રસંગે લેફ. જન. જયપ્રકાશે ભાવવિભોર થઈ વધુમાં કહ્યું હતું કે, 'ભારત કે રાષ્ટ્રપતિ કે હાથોં દો બાર સન્માનિત હોતે સમયે મૈં જૈસા ગર્વ મહેસૂસ કરતા રહા થા કુછ ઐસી હી ખુશી મહેસૂસ કર રહા હું.' એવા ભાવાર્થ સાથે લેફ. જન. જયપ્રકાશ નહેરાએ પોતાના પ્રવચનમાં મંદિરની મુલાકાતને યાદગાર બતાવી હતી.

પ્રારંભમાં તેઓ વિશાળ લાશ્કરી કાફલા સાથે પરિવાર સહિત મંદિરના પરિસરમાં આવ્યા હતા. ત્યારબાદ તેઓ સીધા મંદિરના દર્શનાર્થે ગયા હતા. ત્યાં શ્રી નરનારાયણ આદિ દેવોની પૂજા-અર્ચના કરી આરતી ઉતારી હતી. બાદમાં મંદિરના ટ્રસ્ટીઓ સાથે મંદિરનું નિરીક્ષણ કર્યું હતું. તેમની સાથે રહેલા ટ્રસ્ટીઓએ તેમને સંપ્રદાય અને મંદિરને ઐતિહાસિક તથા ધાર્મિક બાબતોથી વાકેફ કર્યા હતા. જેથી તેઓ ભારે ગદગદિત થઈ ગયા હતા. તેમની સાથે આવેલા તેમના ધર્મપત્નીને સાં.યો. મહંત સામબાઈ ફઈ તથા અન્ય સાં.યો. બહેનોએ આવકાર્યા બાદ સન્માનિત કર્યા હતા. આ સમયે તેઓએ પણ સાં.યો. બહેનો દ્વારા સંપ્રદાય વિશે વિશેષ માહિતી મેળવી ભારે પ્રભાવિત થયા હતા અને તેમણે સામબાઈ ફઈ પાસે કંઠી બંધાવી હતી.

આ પ્રસંગે મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી વગેરે સંતો આશીર્વચન આપ્યા હતા. ટ્રસ્ટી મૂળજીભાઈ શિયાણી અને રાજેન્દ્રભાઈ દવે મહેમાનોને આવકાર્યા હતા.

અહેવાલ :- પ્રાણલાલભાઈ

# ભાવભર્યું આમંત્રણ

વિદ્યા વિનાનો માનવ પશુ સમાન છે. વિદ્યાલયો મનુષ્યમાં શિક્ષણ અને સંસ્કારો દ્વારા માનવતાના ગુણોનું સિંચન કરી તેની પ્રગતિમાં પ્રેરક બળ પુરવાર થાય છે. આપણા ભુજ મંદિર દ્વારા સત્સંગીઓના જીવન વિકાસમાં શિક્ષણની પ્રવૃત્તિઓ દ્વારા નોંધપાત્ર યોગદાન આપવામાં આવે છે.

કન્યા કેળવણી ક્ષેત્રે પ્રાથમિક થી કોલેજ સુધીનું શિક્ષણ કન્યાઓને રહેવાની સગવડ સાથે આપવામાં આવે છે. કન્યાઓ માટેના અદ્યતન સુવિધાઓથી સજ્જ ભવ્ય વિદ્યાલય (કોલેજ બિલ્ડીંગ)ના બાંધકામનું કાર્ય પૂર્ણતાના આરે છે. જેનો ઉદ્‌ઘાટન સમારોહ તા. ૧૯,૨૦,૨૧-૧૨-૨૦૧૪ બુધવારના રોજ ધામધૂમથી ઉજવવાનું આયોજન છે.

તે જ રીતે હજારો સત્સંગીઓના જીવન ઘડતર, સમૃદ્ધિ અને સામજિક પ્રતિષ્ઠા માટે કારણભૂત છે એવી આપણી શૈક્ષણિક સંસ્થા શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજને ૫૦ વર્ષ પૂર્ણ થયા હોઈ 'સુવર્ણ જયંતી'ની ભવ્યાતિ ભવ્ય ઉજવણી અન્વયે તા. ૨૯,૩૦ અને ૩૧-૧૨-૨૦૧૪ના સોમ, મંગળ અને બુધવારના રોજ કરવાનું નિર્ધારેલ છે.

# સત્સંગ સમાચાર

## ત્રિદિવસીય રાત્રીય સત્સંગ સભા – થાણા(મુંબઈ)

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર સંચાલિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન - થાણામાં તા. :- ૧૭/૯/૨૦૧૪ થી તા. ૧૯/૯/૨૦૧૪ દરમ્યાન ત્રિદિવસીય રાત્રીય સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. કથાનો સમય રાત્રે ૯:૩૦ થી ૧૧:૩૦ સુધી રાખવામાં આવેલો હતો.

ભુજ મંદિરેથી પુ. સ્વામી શ્રીપ્રકાશદાસજી, શા. સ્વામી વેદાંતસ્વરૂપદાસજી તથા પુ. સ્વામી વિવેકમુનિદાસજી પધાર્યા હતા. કથાના વક્તા તરીકે શા. સ્વામી વેદાંતસ્વરૂપદાસજીએ પોતાની સુમધુર શૈલીમાં ''જીવનમાં સુખી કેમ થવાય ?'' એ વિષય પર પ્રકાશ પાડ્યો હતો. આજના આધુનિક યુગમાં યુવાનોને ટૂંકમાં જ ઘણું બધું સમજાવી તેના મનમાં ઉઠતા પ્રશ્નોનું સમાધાન પ્રેક્ટિકલ રીતે થઈ શકે તે માટે કમ્પ્યુટર ટેક્નોલોજીનો ઉપયોગ કરી પ્રોજેક્ટર પર કેટલાક ફોટોસ્, ઓડીયો તેમજ વિડીયો પણ બતાવવામાં આવ્યા હતા.

કથાની બીજી રાત્રીએ સદ્. કો. પાર્ષદવર્યશ્રી જાદવજી ભગત, સ્વામી શાંતિસ્વરૂપદાસજી તથા શા. સ્વામી ઘનશ્યામપ્રસાદદાસજી આદિ સંતોએ પધારી દર્શન તેમજ આશીર્વચનનો લાભ આપ્યો હતો. આ આયોજન દરમ્યાન ત્રણેય રાત્રીએ કથા બાદ મહાપ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવેલી હતી.

અહેવાલ :- નારણ કરશન આરેઠીયા

## રાસોત્સવ – શ્રી સ્વામિનારાયણ મંદિર – માંડવી

विष्णुशिवो गणपतिः पार्वती च दिवाकरः ।
एता पूज्यतया मान्यादेवताः पञ्च मामकै ॥

શિક્ષાપત્રીમાં મહારાજે આજ્ઞા આપીછે કે વિષ્ણુ શિવ ગણપતિ પાર્વતી અને સૂર્યનારાયણ આ પાંચ દેવને પૂજ્યપણે માનવા. અને વળી બીજી આજ્ઞા કરી છે કે અમારે આશ્રિતોએ મહાશિવરાત્રી આદિક વ્રતના ઉત્સવ કરવા. એ આજ્ઞાને અનુસારે શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવીમાં આદ્યશક્તિ પાર્વતીના સ્વરૂપ માં જગદંબાના નવરાત્રીના પ્રથમ નોરતે અને અંતિમ નોરતાને દિવસે સુંદર રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારપછી શરદપૂનમના દિવસે પણ ઓર્કેસ્ટ્રા અને ડ્રમસેટના સથવારે સુંદર રસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માંડવીના તમામ કાંધાના કચ્છ શ્રી નરનારાયણદેવ યુવકમંડળના યુવાનોએ તથા સર્વે વડીલો અને બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સંપ્રદાયની મર્યાદા મુજબ બહેનોના મંદિરમાં યુવતી મંડળની બહેનો તથા બાલિકાઓ માટે રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉત્સવના યજમાનપદે પ.ભ. રામભા મથુરાદાસ કપ્ટા ,ધ.પ. વિણા બહેન, સુપુત્ર કૃણાલ રહ્યા હતા. યજમાન તરફથી પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. અને શરદપૂનમના રાસોત્સવના અંતમા ઠાકોરજીનું પૂજન અને દુધપૌંઆનો થાળ તથા આરતી કરવામાં આવી હતી.આરતી બાદ સૌ હરિભક્તોને દુધપૌંઆનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. અને યજમાનપદે માંડવીથી જ વ્યવસાય અર્થે કેન્યા (કેરુગોયા) ગયેલા પ.ભ. દેવજીભાઈ નારણ કારા રહ્યા હતા.

અહેવાલ :- સાધુ વિવેકમુનિદાસ

## શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન ભાટ ગાંધીનગર – પ્રથમ વાર્ષિક પાટોત્સવ

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન ભાટનો પ્રથમ વાર્ષિક પાટોત્સવ તા. ૪-૧૦-૧૪ વિજયા દશમીના પવિત્ર દિવસે ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. સાંજે ૪:૦૦ વાગ્યે સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ પ્રાર્થના મહિમા કથા વાર્તા દ્વારા લાભ આપ્યો હતો. ત્યારબાદ ઠાકોરજીનો અભિષેક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ભુજથી પધારેલ સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજીએ સર્વે હરિભક્તોને આશીર્વાદ આપ્યા હતા. તેમજ વિશ્રાંતિ ભુવનના સંચાલક સ.ગુ. સ્વામી ભક્તિવલ્લભદાજીએ આશીર્વચન આપ્યા હતા. ત્યારપછી ભગવાન સન્મુખ અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો અને પાટોત્સવની આરતી કરી રાત્રે ૮:૦૦ વાગ્યે ભવ્ય રાસોત્સવ રાખવામાં આવેલ. આ સમગ્ર ઉત્સવમાં અમદાવાદના વસતા આપણા સત્સંગી હરિભક્તો તેમજ લેવા પટેલ સમાજના વિદ્યાર્થી, વિદ્યાર્થિનીઓ તેમજ મુંબઈથી હરિભક્તો પધાર્યા હતા. ઉત્સવના સમાપને સૌ કોઈ હરિભક્તો પ્રસાદ લઈ છૂટા પડ્યા હતા. ઉત્સવના યજમાનપદે પ.ભ. નારણભાઈ હાલાઈ, પ.ભ. મનસુખ હાલાઈ, પ.ભ. તુષાર પટેલ, પ.ભ. વાલજી છભાડીયા - અમદાવાદ. સભાસંચાલન સ્વામી આનંદવલ્લભદાસજીએ કર્યું હતું.

અહેવાલ :- નારણ રવજી હાલાઈ, કોડકી

## પાટોત્સવ–સરદાર પટેલ નગર, ભુજ

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રસન્નતાર્થે અને પ.પુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ સંતોના આશીર્વાદથી સરદાર પટેલ નગર, ભુજના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દર સાલની જેમ ચાલુ સાલે પણ મંગળવાર તા. ૭-૧૦-૨૦૧૪ને શરદપૂનમના રોજે પાટોત્સવમાં સ.ગુ. સ્વામી રામસ્વરૂપદાસજી, સ્વામી જગતપાવનદાસજી, સ્વામી વિશ્વજીવનદાસજી આદિ સંતમંડળ પધારી ઠાકોરજી તેમજ ભવ્ય અન્નકૂટની આરતી ઉતારી હતી. સર્વે બહેનોએ મહેનત કરીને જુદી જુદી વાનગીઓ બનાવીને ઠાકોરજીને ધરાવેલ હતી. અને રાત્રે શરદપૂનમનો રાસ રમીને સર્વે સત્સંગીઓએ પ્રસાદરૂપી સમૂહ ભોજન લઈ આ ઉત્સવની સમાપ્તી કરેલ હતી.

અહેવાલ :- લાલજી વાલજી હિરાણી

## કોડકી ઘનશ્યામ બાલમંડળ–પ્રવાસ

તા. ૨૮-૧૦-૨૦૧૪, રવિવારના શ્રી ઘનશ્યામ બાલ-બાલિકા મંડળના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકો અને બાલિકાઓને ઢોસા ગામે મહાદેવના દર્શન કરી ત્યારપછી રૂદ્રમાતા સ્થળે મહાદેવ મંદિરના દર્શન કરી ત્યાં ડેમ પર ફરવા ગયા હતા અને બપોરના ભોજન પ્રસાદબાદ રમતો રમાડવામાં આવી હતી. જેમાં બાલ બાલિકાઓએ ખૂબ જ આનંદ માણ્યો હતો.

અહેવાલ :- પ્રેમજી આર. હાલાઈ, કોડકી

શાળા અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ :-

બાળક માટે ઘર પછી સૌથી પ્રિય સ્થળ હોય તો તે શાળા છે. અહીં જ તેનું સામાજિકરણ શરુ થાય છે. અહીં જ તેની દુનિયા વિશાળ બનવી શરુ થાય છે. અહીં જ તેને વીઝન મળવું શરુ થાય છે. એટલે જ બાળક મોટું થઈ ગયા પછી પણ, પુખ્ત જીવનમાં પણ, ક્યારેય પણ શાળાને ભૂલી શકતું નથી. તેને સમગ્ર જીવન દરમ્યાન એવી અનુભૂતિ રહે છે કે શાળાનું તેના પર ઋણ છે જે તે ક્યારે ચૂકવી નહીં શકે. એટલે, તક મળે ત્યારે યત્કિંચિત પણ ઋણ ચૂકવવાની તેની તૈયારી હોય છે.

આ બાજુ શાળા પણ ક્રમશઃ વિકસતી જતી હોય છે. તેને પણ દસ, વીસ, પચીસ, પચાસ એમ વર્ષો વધતાં જાય છે. આ તબક્કાઓમાં તેની જરુરિયાતો પણ વધતી જતી હોય છે જે, ગમે તેટલું કરવા છતાં, પૂરી નથી થતી હોતી. તે હંમેશ ખેંચમાં જ રહેતી હોય છે.

આવા સમયે શાળા જો તેના આ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની મદદ લે, તો તેને ઘણી રાહત મળી શકે છે. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ શાળા માટે અનેક સંદર્ભમાં રાહતરૂપ કે મદદરૂપ બની શકતા હોય છે.

સૌથી પહેલાં તો તદન સાદી બાબત એ કે તેઓ નાણાકીય રીતે મદદરૂપ થઈ શકે છે. દરેક વિદ્યાર્થી, ભલે તે ધનવાન થયેલ હોય કે મધ્યમ સ્થિતિના હોય, શાળાને કશીક મદદ તો કરી જ શકે છે. શાળા ઈચ્છે તો, આ વિદ્યાર્થીઓની મદદથી ક્રમશઃ વિશાળ ફંડ ઊભું કરી શકે છે જે તેને વિકાસ કરવામાં તથા આવતા રહેતા નવા વિદ્યાર્થીઓને મદદરૂપ થવામાં ઉપયોગી બની શકે છે.

વર્તમાન અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાંથી જે તેજસ્વી હોય અને આગળ વધવા માગતા હોય,પણ નબળી આર્થિક સ્થિતિને લઈને આગળ વધી શકતા ન હોય, તેમને કોઈ જૂના સધ્ધર વિદ્યાર્થી દત્તક તરીકે લઈ શકે છે અને આગળ વધવામાં મદદરૂપ થઈ શકે છે. શાળા આ માટે તેમને પ્રેરિત કરી શકે છે.

વર્તમાનમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સતત નવી માહિતી પૂરી પાડવાની હોય છે. આ કામ માત્ર શાળાના શિક્ષક જ કરે એવી અપેક્ષા રાખવી વધારે પડતી હોય છે. તે માટે નિષ્ણાંતોની મદદ પણ લઈ શકાય છે. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ વર્તમાનમાં અનેકવિધ ક્ષેત્રોમાં કામ કરતા હોય છે. તેઓ તેમના ક્ષેત્રના નિષ્ણાંત હોઈ શકે છે. તેમને શાળામાં બોલાવી તેમનું પ્રવચન યોજી શકાય છે અને વિદ્યાર્થીઓને તેમના જ્ઞાનનો લાભ આપી શકાય છે.

આ વિદ્યાર્થીઓ વિવિધ સરકારી કે ખાનગીઓફિસોમાં કે કંપનીઓમાં કામ કરતા હોય છે અથવા વ્યાપાર કરતા હોય છે. શાળાને વારંવાર સરકારી અને અન્ય ક્ષેત્રોની જરૂર પડતી હોય છે. ત્યારે ત્યાં કામ કરતા આ જૂના  વિદ્યાર્થીઓની મદદ લઈ શકાય છે. તેના કારણે શાળાનાં કામ ઝડપથી પૂરાં થઈ શકે છે.

શાળાના વિદ્યાર્થીઓની વારંવાર વૈદકીય તપાસ કરવાની હોય છે.  આમાં પણ આ વિદ્યાર્થીઓની - જેઓ ડોક્ટર થયા હોય છે-મદદ લઈ શકાય છે અને વિદ્યાર્થીઓને ઉપયોગી પ્રવૃત્તિ કરી શકાય છે.

શાળા જ્યારે દસકો, પચીસ વર્ષ વગેરે સમય પૂર્ણ કરે છે, ત્યારે તેની ઉજવણી કરતી હોય છે. આ સમયે આ સમગ્ર ઉજવણી આ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની મદદથી કરી શકાય છે. તેમની  સમિતિ બનાવી આ ઉજવણી સોંપી શકાય છે. તેઓ ઉત્તમ રીતે આ કાર્ય કરી શકે છે. તેમની મદદથી સ્મરણિકા, રિપોર્ટ પણ તૈયાર કરી શકાય છે.

આ અને આવી અનેક રીતે શાળા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની મદદ લઈ શકે છે અને તેના વિકાસમાં તેમને સહભાગી બનાવી શકે છે. શાળા જેટલી તેમની મદદ લેશે તેટલો વધારે વિકાસ કરી શકશે અને આ વિદ્યાર્થીઓને પણ પોતે યત્કિંચિત ઋણ ચૂકવ્યાનો સંતોષ થશે.

અહેવાલ :- હરેશ ધોળકિયા

## રમતગમત ક્ષેત્રે કાઠું કાઢતા શ્રી પુરુષોત્તમ વિદ્યાલયના રમતવીરો

યુવા સાંસ્કૃતિક અને રમત ગમત વિભાગ - ગાંધીનગર દ્વારા રમત ગમતની શાળાકીય સ્પર્ધાનું આયોજન દર વર્ષે હાથ ધરવામાં આવે છે. તે અંતર્ગત ચાલુ વર્ષે પણ આયોજિત શ્રી પુરુષોત્તમ વિદ્યાલય-માનકુવાના વિદ્યાર્થીઓએ તાલુકા, જિલ્લા કક્ષાએ અલગ અલગ રમતોમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી રાજ્ય કક્ષાએ પોતાની દાવેદારી રજૂ કરવામાં સફળ થયા છે.

વિવિધ રમતો પૈકી યોગાસન-અંડર ૧૪માં ગામી નરેશ ધનજીભાઈ, અંડર ૧૭માં વાઘમશી કિશન રતિલાલ તેમજ અંડર ૧૯માં ખટારિયા રોહિત શામજીભાઈ અને પોકાર પાર્થ શામજીભાઈએ જિલ્લા કક્ષાએ ઉત્કૃષ્ટ દેખાવ કરી પસંદગી પામ્યા હતા. હવે પછી તેઓ રાજ્યકક્ષાએ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

જ્યારે કુસ્તીમાં અંડર ૧૪માં ગોરસીયા હિતેશ કરશનભાઈ, અંડર ૧૭માં ગઢવી પ્રશાંત નવીનભાઈ અને ખેતાણી પાવન વિશ્રામભાઈએ પણ જિલ્લામાં સુંદર દેખાવ કરી રાજ્યકક્ષા માટે પસંદગી પામ્યા છે.

ખો-ખોની રમતમાં પણ અંડર-૧૪માં બરાડિયા દિપેન શામજીભાઈ અને ગોયલ સચિન શામજીભાઈ જ્યારે વોલીબોલ સ્પર્ધામાં અંડર-૧૯માં નાકરાણી કૌશિક વાડિલાલ અને માવાણી મોહિત લક્ષ્મીચંદ રાજ્યકક્ષા માટેની ટીમમાં સ્થાન મેળવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ ટીમ વોલીબોલની તાલુકા કક્ષાની સ્પર્ધામાં ચેમ્પિયન બની હતી અને જિલ્લા કક્ષાએ રનર્સઅપ તરીકે સ્થાન મેળવ્યું હતું.

દર વર્ષે રાષ્ટ્રીય કક્ષા સુધી પોતાનું આગવું પ્રદર્શન આપી ચુકેલા આ શાળાના વિદ્યાર્થીઓ ચાલુ વર્ષે પણ રાજ્યકક્ષાએ ઉત્કૃષ્ટ દેખાવ કરી રાષ્ટ્રીય કક્ષાએ પોતાનું કૌવત દેખાવે તેવી શુભકામના સંસ્થાના સંતવર્ય સાર્વશ્રી ગોલોકવિહારી દાસજી, સ્વામી ઘનશ્યામવલ્લભદાસજી, સ્વામી અક્ષરવિહારીદાસજી, ટ્રસ્ટીમંડળ તથા સ્ટાફમિત્રોએ પાઠવી હતી.

## કચ્છ શ્રી નરનારાયણ દેવ યુવક મંડળ સત્સંગ પ્રવાસ, સુખપર, જુનોવાસ

કચ્છ શ્રી નરનારાયણ દેવ યુવક મંડળ સુખપર દ્વારા ભુજ મંદિરના સંતો તેમજ ગામના વડીલ હરિભકતોના માર્ગદર્શન હેઠળ યાત્રા પ્રવાસનું આયોજન ગોઠવ્યું હતું.

તા. ૧-૧૦-૨૦૧૪ થી તા. ૬-૧૦-૨૦૧૪ એમ છ દિવસમાં છ ધામની આદિ સ્થળની યાત્રા ભુજ માંદિરના સ્વામી પ્રેમવલ્લભદાસજી તથા સ્વામી વ્યાસસ્વરૂપદાસજી આ બે સંતો અને ૪૯ યુવાનોએ યાત્રામાં લાભ લીધો હતો.

યાત્રા દરમિયાન બસમાં કથા વાર્તા કીર્તન ચેષ્ટા વગેરે નિત્ય થતાં અને સંતોએ પ્રસાદી સ્થળોનું મહાત્મ્ય સમજાવી યુવાનોને ખુબ પ્રોત્સાહિત કરતા અને વચનામૃતનું રહસ્ય સમજાવતા જુનાગઢમાં ગીરનાર પર્વત પર ચડી દતાત્રેય ભગવાનના દર્શન કર્યા. દ્વારકામાં દર્શન કરી બોટમાં બેસી બેટ દ્વારકામાં દ્વારકાધીશનાં દર્શન કર્યા. પંચાળામાં શ્રીજી મહારાજ કરેલ રાસોત્સવને યાદ કરી અને ત્યાં દરેક યુવાનો, વડીલો સંતો સાથે રાસ રમ્યા હતા.

અને છઠી રાત્રી ભુજ મંદિરમાં રોકાણ કરી સવારે મંગળા આરતીના દર્શન કરી સભા મંડપમાં મોટા સંતો સદગુરૂ સ્વામી શ્રીહરિદાસજી તથા સદગુરૂ સ્વામી સ્વયંપ્રકાશદાસજીનાં અમૃત વચનો સાંભળી યાત્રા ની સમાપ્તિ કરી હતી. આ સત્સંગ પ્રવાસ દરમ્યાન દરેક હરિભક્તોએ હર્ષની લાગણી અનુભવી હતી.

લી. રમેશ મનજી ગોરસીયા , સુખપર

# શ્રી સ્વામિનારાયણ મંદિર, રાપર – વિવિધ ઉત્સવો

-પલાસવા મંદિરના મુખ્ય સેવકને આવકાર :-

રાપર(વાગડ) તાલુકાના પલાસવા ગામે આપણા સંતો સદ્‌ગુરુ સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી વિગેરે સંતોના પ્રયત્ને ત્યાંના લોકોમાં સત્સંગ થયો. લોકોમાં ભજન ભક્તિ અને દેવ દર્શનની દઠતા થાય તે માટે આપણા ભુજ શ્રી નરનારાયણદેવ મંદિર તાબાનું શ્રી સ્વામિનારાયણ મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે. નિર્માણની સેવા સંભાળી રહ્યા છે શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી તથા કે.પી. સ્વામી. તે માટે ગામ બળદીયાના હાલે નાઈરોબી નિવાસી,પ.ભ. શ્રી નારણભાઈ મનજીભાઈ કેરાઈએ મંદિરની ઉત્સવ મંડળીના ખાસ ગવૈયા અ.નિ. સુપુત્ર કલ્યાણભાઈની પુણ્ય સ્મૃતિમાં તેના બાંધકામની સંપૂર્ણ સેવા કરી છે. તેઓ હાલમાં જન્માષ્ટમીના પવિત્ર દિવસે પરિવાર સહિત મંદિરના બાંધકામને નિહાળવા માટે પધારતાં પલાસવા ગામના સર્વે ભક્તો સાથે મળી મંદિરના મુખ્યદાતાનું ભવ્ય સ્વાગત કરેલું.

-રાપર મંદિરે ભવ્ય મટકીફોડ ઉત્સવ ઉજવાયો :-

રાપરમાં ભુજ મંદિર દ્વારા નૂતન મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે. પૂજ્ય મહંત સ્વામી વિગેરે વડીલ સંતોની આજ્ઞાથી કે.પી.સ્વામી અને શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી રાપરમાં રહી નિર્માણની સેવા સંભાળી રહ્યા છે. મંદિરની નિર્માણની સાથે સત્સંગનો વ્યાપ અને હરિભક્તોમાં આનંદનો ઉત્સાહ વધી રહ્યો છે. સર્વે લોકોને આનંદ આપનાર ભગવાન શ્રીકૃષ્ણનો જન્મદિવસ જન્માષ્ટમીની રાત્રે ૧૨ વાગે ભગવાને પારણીયામાં પધારાવી જન્મોત્સવની આરતી કરેલી. આ ઉત્સવના યજમાનપદનો બળદીયા-નાઈરોબીના પરમભક્તશ્રી નારણભાઈ મનજીભાઈ કેરાઈએ લાભ લીધેલો. આરતી બાદ મટકીફોડ કાર્યક્રમ ઉજવવામાં આવેલો. ઉત્સવનો સમય રાત્રીના હોતાં હરિભક્તો ખૂબ મોટી સંખ્યામાં હાજર રહી અદ્‌ભુત લાભ લીધો હતો.

-ગણેશ ચતુર્થી :-

આપણા સંપ્રદાયમાં શિક્ષાપત્રીમાં મહારાજની આજ્ઞા પ્રમાણે ભાદરવા સુદ ચોથના દિવસે રાપર મંદિરે શ્રી ગણપતિ મહારાજનું ભવ્ય પૂજન કરવામાં આવ્યું. આજે ગણેશ પૂજન માટે મંદિરે ખૂબ મોટી સંખ્યામાં લોકો હાજર રહી પૂજનનો લાભ લીધેલો. વાજીંત્રોના નાદ સાથે ભજન કીર્તન કર્યા બાદ મહાઆરતી કરવામાં આવી. આજના ગણપતિજીનું પૂજન ઉત્સવની સેવાનો લાભ ગામ બળદીયાના પરમભક્ત નારણભાઈ મનજીભાઈ કેરાઈએ લીધેલો.

અહેવાલ :- પુરાણી કે.પી. સ્વામી, રાપર મંદિર

## દિવાળી તથા રંગોળી ઉત્સવ

તા. ૨૩-૧૦-૨૦૧૪ના રોજ દિવાળી તહેવારના દિવસે મિરજાપર શ્રી સ્વામિનારાયણ ભાઈઓના મંદિરના આંગણે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા યુવતી મંડળ દ્વારા ૧૫૦૦ દિવડાનો દિપોત્સવ તથા રંગોળી ઉત્સવનું આયોજન કરેલ હતું. તેમાં ભુજ મંદિરથી સંતો પધારી મહાઆરતીનું આયોજન કરવામાં આવેલ હતું. સર્વે ગામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

તા. ૨૪-૧૦-૨૦૧૪ના નૂતન વર્ષના દિવસે મંદિરમાં અન્નકૂટ ઉત્સવ કરવામાં આવ્યો હતો.

અહેવાલ :- દિપક એન. વેકરીયા, મિરજાપર

# શ્રી સ્વામિનારાયણ વિદ્યાલયના સુવર્ણજંયતી અંતર્ગત યજાયેલ વિવિધ સ્પર્ધાઓ

ભજન-લોકગીતની સ્પર્ધા યોજાઈ :-

ભુજ તા. ૧૦ શ્રી સ્વામિનારાયણ વિદ્યાલયને ૫૦ વર્ષ પૂર્ણ થતાં શહેરની તથા આસપાસની શાળાઓ માટે યોજાઈ રહેલ વિવિધ કાર્યક્રમોની શ્રેણી અંતર્ગત લોકગીત-ભજન સ્પર્ધા ઉમંગભેર યોજાઈ હતી.

સ્પર્ધા પૂર્વ યોજાયેલ સમારોહમાં પ્રારંભમાં પ્રાર્થના બાદ ભુજ મંદિરના સંતો તેમજ અગ્રણીઓનું સ્વાગત શાળાના આચાર્યશ્રી એમ.એ.સુથારે કર્યું હતું. પ્રવચનમાં તેઓએ ડિસેમ્બરમાં યોજાનાર મુખ્ય કાર્યક્રમમાં સૌને આમંત્રણ આપ્યું હતું. આ પ્રસંગે ભુજ મંદિરના વરિષ્ઠ સંતો સર્વશ્રી શાસ્ત્રી સ્વામી હરિવલ્લભદાસજી, સ્વામી અક્ષરમુક્તદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, આદિ સંતો ઉપરાંત વિદ્યાર્થી ભવનના પ્રમુખ ખીમજીભાઈ ભુડીયા, ટ્રસ્ટીશ્રી કે.કે.હિરાણી , ટ્રસ્ટીશ્રી કરસનભાઈ હાલાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાસંગિક પ્રવચનમાં આપતાં શ્રી સ્વામિનારાયણ કેળવણી મંડળના ઉપપ્રમુખશ્રી જનકરાય ભટ્ટે સંસ્થા સાથેના સ્મરણોના વાગોળતાં કલાનાં ક્ષેત્રે આ સંસ્થા હંમેશાં અગ્રેસર રહી છે તેમ જણાવ્યું હતું. ટ્રસ્ટીશ્રી કે.કે. હિરાણીએ આ સંસ્થા ધાર્મિક હોવા છતાં શિક્ષણક્ષેત્રને હંમેશાં પ્રાધાન્ય આપ્યું છે. સમાજના ઉત્કર્ષ માટે આ સંસ્થાએ ક્યારેય પાછી પાની કરી નથી તેવું પણ તેમણે જણાવ્યું હતું.

સમારોહ બાદ શહેરની ૧૫ શાળાઓ વચ્ચે લોકગીત-ભજનનો રોચક મુકાબલો થયો હતો. નિર્ણાયકો સર્વશ્રી અરૂણ મહેતા, ભૂપત રાવલ, અને તૃષા વૈધે સ્પર્ધાને અંતે અમી કારિયા(સંસ્કાર સ્કૂલ), પઠારિયા આર્શવી (માતૃછાયા કન્યા વિદ્યાલય) અને હિરાણી કિરણ(શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય)ને અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા જાહેર કર્યા હતા. ઉપરોક્ત નિર્ણાયકો ઉપરાંત સંગીતકાર પ્રશાંત ભટ્ટ અને અમિત બારોટનું સન્માન શાસ્ત્રી સ્વામી હરિવલ્લભદાસજી, ખીમજીભાઈ ભુડીયા, કે.કે.હિરાણીએ શાલ ઓઢાળીને કર્યું હતું.

આ પ્રસંગે વિવિધ શાળાઓના સંગીત શિક્ષકો, વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

પીસ પોસ્ટર કોન્ટેસ્ટ ઉમંગભેર યોજાઈ :-

ભુજ તા. ૨૦ શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય સુવર્ણજયંતિ મહોત્સવ અંતર્ગત લાયન્સ ક્લબ ઓફ ભુજના સંયુક્ત ઉપક્રમે 'પીસ પોસ્ટર કોન્ટેસ્ટ' વિદ્યાલય ખાતે યોજાયેલ જેમાં શહેરની ૧૦ શાળાના ૭૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

પ્રારંભમાં સંચાલક શાસ્ત્રી સ્વામી પૂ. સ્વામી હરિવલ્લભદાસજી, કેળવણી મંડળના મંત્રીશ્રી વિનોદભાઈ શિયાણી, લાયન્સના પ્રેસિડેન્ટ અભય શાહ, સેક્રેટરી આશીષ તન્ના, ટ્રેઝરર પ્રકાશ ગુરનાની, ધર્મેન્દ્ર બારમેડા, પ્રો. ચેરમેન સંજય ઠક્કર, નરેશ રાઠી, ફસ્ટ વાઈસ ડિ.ગર્વ. મીનાબેન મહેતા તથા શાળાના આચાર્યશ્રી એમ.એ. સુથારે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખૂલ્લો મૂક્યો હતો.

મહેમાનોને આવકાર આપતાં લાયન્સના પ્રેસિડેન્ટ અભય શાહે આ શાળાના પોતે ઋણી હોવાનું જણાવેલ.

પ્રાસંગિક પ્રવચનમાં આચાર્યશ્રી સુથારે લાયન્સની પ્રવૃત્તિને બિરદાવી સુવર્ણ જયંતિના ઉત્સવમાં સહભાગી થવા પણ ક્લબનો આભાર માન્યો હતો. તો કેળવણી મંડળના મંત્રીશ્રી વિનોદભાઈ શિયાણીએ પણ આ સંયુક્ત કાર્યક્રમ યોજવા બદલ આનંદ વ્યક્ત કર્યો હતો.

આશીર્વચન આપતાં શાસ્ત્રી સ્વામી હરિવલ્લભદાસજીએ કાર્યક્રમના વિષય 'વિશ્વ શાંતિ'ને હાલના સમયની તાતી જરૂરીયાત ગણાવી હતી.

ત્યારબાદ યોજાયેલ 'પીસ પોસ્ટર કોન્ટેસ્ટ'માં પ્રથમ ત્રણ તથા આશ્વાસન ઈનામ એમ ૪ ઈનામો માતૃછાયા કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીઓ અનુક્રમે

જિલાની ઈમ્તેશામ, રૂપારેલ અદિતી, પટેલ ભારવી અને પોકાર હિનલને ફાળે ગયેલ અન્ય એક આશ્વાસન ઈનામ સંસ્કાર સ્કૂલની જેઠી હેન્સીને મળેલ. નિર્ણાયકો તરીકે જાણીતા બીપીન સોની તથા કવિતાબેન સોનીએ સેવા આપેલ. સમારોહનું સંચાલન હિતેશ વ્યાસે કર્યું હતું.

અહેવાલ :- આચાર્યશ્રી

## કોડકી યુવક મંડળ સત્સંગ પ્રવાસ

તા. ૨૧-૯-૨૦૧૪, રવિવારના કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કોડકી દ્વારા નખત્રાણા તાલુકાના પીયોણી ગામે નિલકંઠ મહાદેવ સ્થાનકે સત્સંગ પ્રવાસનું આયોજન ભુજ મંદિરના સંતોની સાથે કરવામાં આવ્યું હતું. જેમાં સવારના ભાગમાં યુવાનો સ્થળની આજુબાજુના પ્રાકૃતિક સૌંદર્ય માણવા માટે ડુંગરાળ વિસ્તારમાં ફર્યા હતા. બપોરે ભોજન પ્રસાદ બાદ સત્સંગ સભામાં ગેમ્સ રમવાનો યુવાનોએ ખૂબ જ આનંદ લીધો હતો. ત્યારબાદ ભુજ મંદિરના કોઠારી પાર્ષદ ખીમજી ભગતે દરેક યુવાનોએ જીવનમાં દરેક વસ્તુ જરૂરિયાત મુજબ જ વાપરીને દેશના હિત માટે જીવવાની વાત કરી હતી. સ્વામી ભક્તવત્સલદાસજીએ ભગવાનની મૂર્તિના સુખનો આનંદનો અનુભવ કરવા વિશેની વાત કરી હતી. સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ તથા સ્વામી સુખનંદનદાસજીએ સત્સંગનો લાભ આપ્યો હતો . ત્યારબાદ પ્રસાદ વિતરણ કરીને પરત ફર્યા હતા. આ સત્સંગ પ્રવાસમાં ૧૨૦ યુવાનો જોડાયા હતા.

અહેવાલ :- પ્રેમજી આર. હાલાઈ, કોડકી

## માંડવી મંદિરે ઉજવાયો દિવાળી ઉત્સવ

વિક્રમ સંવત ૨૦૭૧નાં નૂતનવર્ષના ઉપક્રમે મંદિરમાં કાળી ચૌદશના દિવસે સાંજે હનુમાનજીનું પૂજન તથા મહાઆરતી સ્તોત્ર બાદ હનુમાન ચાલીસાનો સંગીતના સથવારે પાઠ કરવામાં આવ્યો હતો. પૂજનના યજમાન પ.ભ. પ્રેમજીભાઈ મનજી ભંડેરી પિયાવા પરિવાર રહ્યા હતા.

દિવાળીના દિવસે સાંજે ચાર વાગ્યે ચોપડા પૂજન તથા લક્ષ્મીપૂજન સભામંડપમાં કરવામાં આવ્યું હતું. યુવતી મંડળની બહેનો દ્વારા સાં.યો. બહેનોના માર્ગ દર્શન હેઠળ રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૭ ગ્રુપના બહેનોએ ભાગ લીધો અને એમાંથી ૫ રંગોળીને નંબર આપવામાં આવ્યા હતા. તેમજ આજના દિવસે મંદિરના વિવિધ વિભાગમાં હજારો દીવડાઓ પ્રગટાવવામાં આવ્યા હતા. દીપમાળામાં બિરાજતા શ્રી ઠાકોરજીની સંતો દ્વારા આરતી કરવામાં આવી હતી.

તા. ૨૪ના રોજ નવા વર્ષના પ્રારંભ સવારે કથાબાદ સંતો હરિભક્તો સમૂહમાં બાથમાં ઘાલી મળ્યા હતા. ૮:૦૦ વાગ્યે ગોવર્ધન પૂજા કર્યા બાદ સંતો તથા સાં.યો. બહેનો દ્વારા તૈયાર કરાયેલ પકવાનો, ફરસાણો, શાકો વગેરે ૧૫૬ વાનગીઓ શ્રી ઠાકોરજી આગળ ધરાવવામાં આવી હતી. જેની આરતી સવારે ૯:૩૦ વાગ્યે યજમાનો સાથે સંતો દ્વારા કરવામાં આવી હતી.

આજના નવલા દિવસે માંડવી મંદિરના મહંત સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી તથા વડીલ સ.ગુ. સ્વામી મુકુન્દજીવનદાસજી તથા કોઠારી સ્વામી શ્રીપ્રકાશદાસજી આદિ સંતોએ માંડવી વિસ્તારના ભક્તોને શુભકામના પાઠવી હતી.

માંડવી વિસ્તારના પિયાવા, નાગલપર તથા ભારાપર તથા ગોધરામાં આપણા મંદિરોમાં સ્થાનિક ભક્તો દ્વારા અન્નકૂટ ધરવામાં આવ્યો હતો. અને સંતો આરતી કરવા પધાર્યા હતા અને નવા વર્ષની શુભકામનાઓ પાઠવી હતી.

અહેવાલ :- સ્વામી સર્વમંગલદાસજી

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર આયોજિત

# સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ એવમ્ નારાયણ યજ્ઞ મહોત્સવનું આયોજન

સં.૨૦૭૧ ફાગણ વદ અમાસ તા. ૨૦-૩-૧૫ શુક્રવારથી ચૈત્ર સુદ ૭ તા. ૨૬-૩-૧૫ ગુરુવાર

## નારાયણ યજ્ઞ

ચૈત્ર સુદ ૮ તા. ૨૭-૩-૧૫ શુક્રવાર

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજની પરમ કૃપા તથા મહંત સ્વામી સ.ગુ. પુરાણી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની પ્રસન્નતાર્થે આગામી તા. ૨૦-૩-૧૫ થી તા. ૨૭-૩-૧૫ સુધી સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે કોઈ સત્સંગી હરિભક્ત, ધર્મપ્રેમીઓ પોતાના પિતૃઓના મોક્ષાર્થે, પ્રિય સ્વજનોની ચિરઃશાંતિ માટે, કોઈ બ્રહ્મનિષ્ઠ સંતની પુણ્યસ્મૃતિમાં પોતાના જીવના કલ્યાણાર્થે પોથી રાખવાની હોય તો ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારમાં નામ નોંધાવી જવા.

**એક પોથીના રૂા. ૨૧,૦૦૦/-**

**પોથી યજમાનનું નામ કંકોત્રીમાં છાપવામાં આવશે**

**૧ પોથી પાછળ ૨ વ્યક્તિના નામ તથા હસ્તે ૧ વ્યક્તિનું નામ છપાશે**

**વિષ્ણુયાગમાં ૧ પોથી પાછળ ૧ જોડલું બેસી શકશે.**

૧ પોથીના યજમાનશ્રીને બે ટાઈમ ભોજનપ્રસાદ માટે ૧૦ પાસ આપવામાં આવશે.

સંહીતા પાઠમાં વ્યક્તિગત પોથી ઉપર બ્રાહ્મણ નહી હોય તેમાં ૨૧ પ્રખર બ્રાહ્મણ દ્વારા સંહિતા પાઠ વાંચવામાં આવશે

જેના નિમિત્તે કથા હોય તે વ્યક્તિનો ફોટો તથા સુખડનો હાર લાવી શકાશે, સાથે ડીશ, કળશીયો, વાટકો તથા ચમચી, નેપકીન સાથે લાવવાના રહેશે.

## કથા સ્થળ

## શ્રી સ્વામિનારાયણ મંદિર

**શ્રી સ્વામિનારાયણ રોડ, તીર્થધામ, ભુજ-કચ્છ. ફોન નં. ૨૫૦૨૩૧/૨૫૦૩૩૧.**

## સ્નેહભર્યું નિમંત્રણ

# અક્ષરભુવન - ઉદ્‌ઘાટન મહોત્સવ

આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ ભગવાને મુમુક્ષુઓના કલ્યાણાર્થે દેશ દેશાંતરમાં વિચરણ કર્યું. આવા પ્રસંગે શ્રીજી મહારાજે પ્રેમીભક્તોને વસ્ત્રો, પુસ્તકો, વાસણ, મૂર્તિ, માળા, ચરણારવિંદ સંગીતના વાદ્યો ઈત્યાદિ રાજીપા રૂપે આપેલ. આવી અલભ્ય પ્રસાદીની વસ્તુઓ લાંબાકાળ સુધી સચવાઈને જળવાઈ રહે તેમજ સંપ્રદાયના સર્વે ભક્તો સંતોને દર્શનનો લાભ મળે તેવા ઉમદા હેતુથી ભુજ મંદિર મધ્યે 'અક્ષરભુવન'નું નિર્માણ કરવામાં આવેલ છે. તેના ઉદ્‌ઘાટન સમારોહ નિમિત્તે કાર્તિક વદ ૧૧, મંગળવાર તા. ૧૮-૧૧-૨૦૧૪ થી કાર્તિક વદ ૩૦, શનિવાર તા. ૨૨-૧૧-૨૦૧૪ સુધી 'શ્રી પુરુષોત્તમ પ્રકાશ' ગ્રંથની પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રસંગે અમદાવાદ શ્રી નરનારાયણદેવ પિઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કૌશલેન્દ્ર પ્રસાદજી તથા ધામધામથી સંતો પધારશે. તો આ પ્રસંગે દિવ્યદર્શનનો તથા કથા વાર્તાનો અમૂલ્ય લાભ લેવા સહપરિવાર પધારવા ભાવભીનું નિમંત્રણ છે.

- મહંત સ્વામી

## શ્રી સહજાનંદ ગુરુકુલ માનકુવા

# મંગલ શિલાન્યાસ મહોત્સવ

માગશર સુદ-૨ તા. ૨૪-૧૧-૨૦૧૪ સોમવારના શ્રી સહજાનંદ ગુરુકુલ માનકુવા મધ્યે SSGM School અંગ્રેજી માધ્યમનું મંગલ શિલાન્યાસનું આયોજન કરવામાં આવેલ છે. તેમાં આપ સૌને પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવીએ છીએ. કાર્યક્રમની રૂપરેખા દિપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવશે.શાબ્દિક અને પુષ્પમાળાથી સ્વાગત-સન્માન, શિલાપૂજન, શિલાન્યાસ કરવામાં આવશે.વિદ્યાર્થીઓની વિવિધ કળાઓ રજૂ થશે અને ત્યારબાદ ભોજનપ્રસાદ આપવામાં આવશે.

**કથા - ખાત મૂહુર્ત :** ૮:૩૦ થી ૧૧:૩૦ - ૧૧:૩૦ કીર્તન, ભોજનપ્રસાદ

**રાત્રી સભા :** ૮:૦૦ થી ૯:૩૦

**વક્તા :** શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી

સાંસ્કૃતિક કાર્યક્રમ

૯:૩૦ થી ૧૦:૧૫

૧૦:૧૫ કીર્તન, ભોજન પ્રસાદ

**સ્થળ** શ્રી સહજાનંદ ગુરુકુલ

માનકુવા સામત્રા વચ્ચે નખત્રાણા હાઈવે રોડ, માનકુવા તા.ભુજ-કચ્છ. પીન. ૩૭૦૦૩૦ ફોન. (૦૨૮૩૨)૨૯૯૫૫૯/૨૭૭૨૭૧/૨/૬

# વિદેશ સમાચાર



## શ્રી કચ્છ સ્વામિનારાયણ મંદિર ઈસ્ટલંડન – વિવિધ ઉત્સવો

ઠાકરથાળી :-

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિરમાં તા. ૧૮-૫-૨૦૧૪ને રવિવારે મંદિર તરફથી ઠાકરથાળી ઉત્સવ કરવામાં આવેલ. તેમજ તા. ૧-૬-૨૦૧૪ને રવિવારે પ.ભ. રામબાઈ વિશ્રામભાઈ શિયાણી ગામ માનકુવા વાળા તરફથી તથા તા. ૮-૬-૨૦૧૪ને રવિવારે અ.વા. રામબાઈ કુંવરજી વરસાણી ગામ ઉ.સુખપર વાળા તરફથી તથા તા. ૨૧-૬-૨૦૧૪ને શનિવારે કું. જય વિજયભાઈ મનજીભાઈ વેકરીયા હસ્તે દાદા મનજીભાઈ કાનજી વેકરીયા ગામ બળદીયા વાળા તરફથી તથા તા. ૨૨-૬-૨૦૧૪ને રવિવારે કિંતેશકુમાર હસમુખભાઈ પટેલ તરફથી તથા તા. ૬-૭-૨૦૧૪ને શનિવારે ધ્રુપીક્ષાબેન મુળજી હિરાણી ગામ માનકુવાવાળા તરફથી તથા તા. ૧૩-૭-૨૦૧૪ને રવિવારે અ.નિ. શામજીભાઈ મેઘજી શિયાણી પરિવાર ગામ માનકુવાવાળા તરફથી તથા તા. ૨૦-૭-૨૦૧૪ને રવિવારે કુમાર મનકુમાર પંકજભાઈ કપીરીયા તરફથી તથા તા. ૧૦-૮-૨૦૧૪ને રવિવારે પ.ભ. અમૃતબેન લક્ષ્મણ હિરાણી પરિવાર જન્મદિવસ નિમિત્તે ઠાકરથાળી ઉત્સવો ઉજવવામાં આવેલ.

મંદિરના પાટોત્સવ પ્રસંગે નવ દિવસીય જ્ઞાનયજ્ઞ મહોત્સવ :-

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, ઈસ્ટલંડન મધ્યે તા. ૧૬-૮-૨૦૧૪ થી તા. ૨૪-૮-૨૦૧૪ સુધી નવ દિવસીય જ્ઞાનયજ્ઞ મંદિરના પાટોત્સવ નિમિત્તે ભક્તિભાવ સાથે ધામધૂમથી ઉજવાયેલ. સવારના સત્રમાં સ્વામી પરબ્રહ્મજીવનદાસજીએ સાંજના સત્રમાં સ્વામી બ્રહ્મમુનિદાસજીએ સાંજના સત્રમાં સ્વામી બ્રહ્મમુનિદાસજીએ સત્સંગની અને શિક્ષાપત્રીના શ્લોકોની સમજ સાથે જ્ઞાનગંગામાં સૌને તરબોળ કરેલ. પ.પૂ. સ્વામી કેશવજીવનદાસજીના મંડળના સંતોએ સત્સંગની વાતો દ્વારા હરિભક્તોને ઉપદેશ આપી ભક્તિમાં દ્રઢતા લાવેલ. ઉત્સવના મુખ્ય યજમાનપદે અ.નિ. રાધાબાઈ ખીમજી વરસાણી તથા અ.નિ. ભીમજીભાઈ ખીમજી વરસાણી હ. ગં.સ્વ. કાન્તાબેન ભીમજી વરસાણી તથા સુપુત્ર રોહિત તથા સુપુત્રી જશુબેન અને મઈષા જમાઈ વિજયભાઈ ગામ સામત્રાના રહ્યા હતા. દરરોજ હરિભક્તોએ અન્નકૂટ, ભોજનપ્રસાદ, દિવસના ભોજનપ્રસાદ, સુશોભન, મીડીઆ, રસોડા વગેરેના યજમાનપદે રહીને સેવા આપેલ. આ પ્રસંગે શ્રી સિધ્ધેશ્વર મહાદેવને પાંચ વર્ષ પૂર્ણ થતાં સ્વામી સૂર્યપ્રકાશદાસજીએ ગમત સાથે જ્ઞાન પીરસીને સૌને હર્ષવિભોર કરેલ.

અહેવાલ :- મંત્રીશ્રી અરવિંદભાઈ વેકરીયા
સહમંત્રી પુલકીટભાઈ કોરાટ

## દિવાળી તથા નૂતન વર્ષ



ઓમાન મસ્તકમાં રહેતા કચ્છના હરિભક્તોએ નવા વર્ષની ઉજવણીના દિવસે અન્નકૂટના વિવિધ પકવાનો તથા ફરસાણો બનાવી ઠાકોરજી આગળ ધરી ધામધૂમથી આરતી કરી હતી. બધા એકબીજાને બાથમાં ઘાલી મળીને જયશ્રી સ્વામિનારાયણ કહી એકબીજાને નવા વર્ષની શુભકામના પાઠવી હતી.

# શ્રી સહજાનંદ ષષ્ટિપૂર્તિ મહોત્સવ – નાઈરોબી

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર નાઈરોબી (ભુજ શ્રી નરનારાયણદેવ તાંબાનું) મંદિરને શરદ પૂનમ તા. ૭-૧૦-૨૦૧૪ના રોજ ૬૦ વર્ષ પૂર્ણ થતાં ''શ્રી સહજાનંદ ષષ્ટિપૂર્તિ મહોત્સવ'' ઉજવવામાં આવ્યો હતો.

આજથી ૬૦ વર્ષ પૂર્વે ભુજ મંદિરના વડીલ સંતો અ.નિ. મહંત સ. સ્વામી શ્રીવલ્લભદાસજી તથા અ.નિ. મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી ધર્મજીવનદાસજી આદિ વડીલ સંતોનાં આશીર્વાદથી તત્કાલીન વડીલ હરિભક્તોના સહિયારા પુરુષાર્થથી કિરીન્યાગા રોડ ઉપર આપણા કચ્છના સંપ્રદાયનું વિદેશની ધરતી ઉપર પ્રથમ મંદિર શરદ પૂનમ ઈ.સ. ૧૯૫૪માં સ્થાપના કરવામાં આવેલ. આ પાવન અવસરને આ ચાલુ સાલ ૨૦૧૪માં ૬૦ વર્ષ પૂર્ણ થતાં તા. ૬-૧૦-૧૪ થી તા. ૧૨-૧૦-૧૪ સુધી સાત દિવસનો મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

રવિવાર તા. ૫-૧૦-૧૪ એકાદશીના પોથીયાત્રા યોજાયેલ. ભુજ મંદિરેથી પધારેલા વડીલ સંતો તેમજ અબાલવૃદ્ધ હરિભક્તો એક ગણવેશમાં જોડાયા હતા.પોથીઓ બહેનો હરિભક્તોએ ખૂબ જ ભાવથી માથા ઉપર ધારણ કરી અને શ્રીજી મહારાજના નંદ સંતો રચિત કીર્તનોનું ગાયન કરી મંદિરની મંડળી કીર્તનો સાથે રમઝટ બોલાવતી હતી. બેન્ડપાર્ટીના યુવાનો મંદિરનું વાજિંત્રદળના નાના-મોટા બાળકો લેઝીમના દાવ રમતા રમતા ચાલી રહ્યા હતા. પધારેલા સંતોનું મંદિરના વડીલો અને ટ્રસ્ટીઓએ પુષ્પહાર પહેરાવી સ્વાગત કર્યું. પ્રાસંગિક પ્રવચનમાં સંતોએ આ મહોત્સવ એક થઈ ઉજવવાની ભલામણ કરી અને સમગ્ર કાર્ય નિર્વિઘ્નપણે પૂર્ણ થાય તેવા આશીર્વાદ આપ્યા હતા. ત્યારબાદ આરતી-ધૂન કરી સભા પૂર્ણ કરવામાં આવી હતી.

સોમવાર તા. ૬-૧૦-૧૪ના રોજ ટ્રસ્ટીજનો તથા કાર્યકર્તાઓના વરદ્‌હસ્તે ગણેશ સ્થાપના આદિક પૂજન વિધિ કરવામાં આવ્યો હતો. સવારના સત્રમાં હરિબળગીતા અને સાંજના સત્રમાં હરિસ્મૃતિ કથાનું પાન સંતો કરાવતા. કથા વિરામબાદ રાત્રી કાર્યક્રમમાં સંતોના વરદ્‌હસ્તે વિશ્રાંતિ ભુવન હોલમાં ''ભવ્ય ભૂતકાળ ઉજ્જવળ ભવિષ્ય'' નામે ફોટો પ્રદર્શન સર્વ હરિભક્તોના દર્શન માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.

મંગળવાર તા. ૭-૧૦-૧૪ના રોજ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ પધાર્યા હતા. વડીલોએ અને સંતોએ મહારાજશ્રીનું પુષ્પહારથી સ્વાગત કર્યું. નાની બાલિકાઓ અને બહેનોએ સામૈયા વડે મહારાજશ્રીનું સ્વાગત કર્યું હતું. ત્યારપછી મહારાજશ્રી અને સંતોના હસ્તે શ્રી હરિકૃષ્ણ મહારાજનો પંચામૃતથી અભિષેક કરાયો હતો. ત્યારપછી અન્નકુટ દર્શન ત્યારબાદ મહારાજશ્રીના વરદ્‌હસ્તે ૬૧માં વર્ષના પ્રવેશની આરતી કરવામાં આવી. સંતો અને મહારાજશ્રીની સાથે રહી વડીલોએ શિખરો ઉપર ધ્વજારોહણ કર્યું હતું. સાંજના સત્રમાં મહારાજશ્રી પધાર્યા ત્યારે પ્રથમ ફોટો પ્રદર્શનમાં પધાર્યા હતા. ૧૯૫૪ની સાલમાં મંદિરની મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગના ફોટાઓ મહારાજશ્રીએ નિહાળ્યા હતા. ૧૯૫૮માં બાલમંદિરની સ્થાપનાના ફોટાઓ નિહાળ્યા હતા. મંદિરમાં ઉજવાતા વિવિધ ઉત્સવો તથા નૂતન મંદિરના બાંધકામની તસ્વીરો નિહાળી મહારાજશ્રી રાજી થયા હતા. કથા વિરામબાદ રાત્રી કાર્યક્રમમાં રાસના કીર્તનોની સીડીનું વિમોચન થયું. નંદ સતો રચિત રાસના કીર્તનોની સીડી જેમાં મંદિરના યુવાનોએ સ્વર આપ્યો છે અને ભુજ મંદિરના સ્વામી ગોલોકવિહારીદાસજીએ માર્ગદર્શન આપ્યું છે તેવી સીડીનું વિમોચન મહારાજશ્રી અને સંતોના વરદહસ્તે થયું અને ત્યારબાદ આ સીડીના મ્યુઝીક ઉપર મહારાસોત્સવનું આયોજન થયેલ હતું. બહેનો અને ભાઈઓ અલગ અલગ વિભાગમાં શરદપૂનમનો રાસ રમી આનંદ પામ્યા હતા. આ આનંદમાં અભિવૃધ્ધિ કરવા સંતો અને મહારાજશ્રી પણ રાસમાં જોડાયા હતા. આવી રીતે બીજો દિવસ પૂર્ણ થયો હતો.

બુધવાર તા. ૮-૧૦-૧૪ના રાત્રી કાર્યક્રમમાં એકાદશીના જાગરણના કીર્તનોની પુસ્તિકા અંગ્રેજી લીપીમાં મંદિર તરફથી પ્રકાશિત કરવામાં આવી હતી. વિદેશની ધરતી ઉપર ઉછેરાતા બાળકોને ગુજરાતી

વાંચવામાં મુશ્કેલી પડે છે એટલે યુવાનોની મહેનતથી ગુજરાતીના કીર્તનો અંગ્રેજી લીપીમાં તૈયાર કરવામાં આવેલ હતા. તથા આજ કીર્તનો મોબાઈલ માટે એનરોઈડ સિસ્ટમમાં સ્વામી ગોલોકવિહારીદાસજીના સહયોગથી તૈયાર કરવામાં આવેલ છે. તેનું વિમોચન મહારાજશ્રીના વરદ્‌હસ્તે કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મંદિરના પાયાના પત્થર સ્તંભ બનેલા હરિભક્તો જેઓની તન,મન,ધનની સેવા ૧૯૫૪થી ૧૯૮૦ સુધી મળી હોય તેઓને યાદ કરાયા હતા. લગભગ ૧૦૦ જેટલા વડીલોને સન્માનવામાં આવેલા હતા અને દરેકને મંદિર તરફથી પહેરામણી સાથે ચાંદથી નવાજવામાં આવ્યા હતા.

ગુરુવાર તા. ૯-૧૦-૧૪ના રોજ આચાર્ય મહારાજશ્રીનો ગાદી અભિષેક થયે દશ વર્ષ પૂર્ણ થતાં આ પ્રસંગે સંતો બંને મંદિરના ટ્રસ્ટીઓએ મહારાજનું ફુલહારથી પૂજન કર્યું, અને ટ્રસ્ટીશ્રી ગામ બળદીયાના પ.ભ. વાલજીભાઈ કરસન હિરાણી તથા બળદીયાના પ.ભ. હરજીભાઈ કરસન હીરાણી બંને ટ્રસ્ટીજનો પરિવારના સહયોગથી સર્વ ટ્રસ્ટીઓએ પૂજન કર્યું હતું. મંદિરના ચરેમેનશ્રીએ મહારાજશ્રીને ખેશ પહેરાવી બહુમાન કર્યું હતું. ત્યારબાદ સર્વ સત્સંગીજનોએ સાથે મળી મહારાજશ્રીની આરતી ઉતારી હતી. ત્યારપછી મંદિરના નાના બાળકો તથા યુવાનોએ ભજન સંધ્યાનું આયોજન કરેલ તેમાં સંગીતના સથવારે નંદ સતો રચિત કીર્તનોની રમઝટ બોલાવી હતી. છેલ્લે સ્વામી નિર્ભયચરણદાસજીએ પોતાની આગવી શૈલીમાં ભજન અને કીર્તન ગાઈ યુવાનો-બાળકો-વૃધ્ધોને રાજી કર્યા હતા.

શુક્રવાર તા. ૧૦-૧૦-૧૪ના રોજ બાલમંચનું આયોજન કરવામાં આવ્યું હતું. મંદિરના નાન બાળકો પ્રાર્થના, રૂપક, નૃત્ય વિગેરેનું ખૂબ જ ભાવથી રજૂ કર્યા હતા.

શનિવાર તા. ૧૧-૧૦-૧૪ના બપોરે મહિલામંચનું આયોજન કરેલ હતું. નાની-નાની બાલિકાઓ અને યુવતીઓએ કીર્તન ઉપર સરસ મજાના રાસ તથા નૃત્યો રજૂ કર્યા હતા. ૨૫૦ ઉપરાંત બાલિકાઓ અને યુવતીઓએ ભાગ લીધો હતો. બપોરપછીના સત્રમાં કથા વિરામબાદ અલગ અલગ સંસ્થાઓમાંથી પધારેલા મહાનુભાવોનું સ્વાગત કરાયું હતું. ત્યારબાદ મહારજશ્રીના આશીર્વાદથી સર્વ હરિભક્તો ખૂબ જ ભાવવિભોર થયા હતા.

રવિવાર તા. ૧૨-૧૦-૧૪ના રોજ મંત્રીશ્રીએ મહારાજશ્રી, સંતો અને આખા મહોત્સવ દરમ્યાન તન-મન-ધનથી સેવા કરનાર હરિભક્તોનો આભાર વ્યક્ત કર્યો હતો. કથા દરમ્યાન દરરોજ સંતોના આશીર્વાદ પણ લેવામાં આવતા હતા. શનિવારની સભામાં સ.ગુ. પુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ પોતાના આશીર્વાદમાં જાહેર કર્યું કે કચ્છપ્રાંત લંગાટા વિસ્તારમાં આકાર પામી રહેલું, નૂતન મંદિરમાં મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ સંવત ૨૦૭૨ શ્રાવણ સુદ ૫ના રોજ કરવામાં આવશે. સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ જણાવ્યું હતું કે આ મહોત્સવ "શ્રી નરનારાયણદેવ નૂતન મંદિર મહોત્સવ"ના નામથી ઉજવાશે. તા. ૫-૮-૧૬ થી તા. ૧૭-૮-૧૬ સુધી નવ દિવસનો ઉત્સવ થશે. આ વિશેષ જાહેરાતથી હરિભક્તો રાજી થયા હતા. ચેરમેનશ્રીએ જાહેરમાં સૌને પધારવા માટે ખાસ ભલામણ કરી આમંત્રિત કર્યા હતા.

દરરોજ કથા વિરામ બાદ અલગ અલગ યજમાન પરિવાર તરફથી પ્રસાદનું વિતરણ તેમજ રાત્રી કાર્યક્રમ વિરામબાદ દરેક હરિભક્તોને મહાપ્રસાદરૂપ ભોજન તથા રવિવારના દિવસે સવારે તથા બપોરે પણ મહાપ્રસાદરૂપીભોજન શ્રી ક.સ.સ્વામિ. મંદિર તરફથી પીરસવામાં આવતું હતું. વ્યાસપીઠ ઉપર ભુજ મંદિરથી પધારેલા સ.ગુ. સ્વામી ભક્તિપ્રિયદાસજીની સાથે પધારેલા સંતો સ્વામી કૃષ્ણવિહારીદાસજી, સ્વામી હરિસ્વરૂપદાસજી, સ્વામી શ્રીરંગદાસજી તથા સ્વામી ઘનશ્યામનંદનદાસજી વિરાજી સવારે હરિબળગીતા તથા સાંજે હરિસ્મૃતિ કથાનું સંગીતના સથવારે રસપાન કરાવ્યું હતું. સભાપતિ પદે સ્વામી કૃષ્ણવિહારીદાસજી, સ્વામી ભક્તિપ્રિયદાસજી, શા.સ્વામી અક્ષરપ્રકાશદાસજી તથા મંદિરના મંત્રીશ્રી રહ્યા હતા.

આખો મહોત્સવ ખૂબ જ ધામ-ધૂમથી ઉજવાયો. હરિભક્તો ભાઈઓ બહેનો બાળકો ખૂબ જ ઉમંગથી ઉત્સવ ઉજવી રાજી થયા હતા.

અહેવાલ :- મંત્રીશ્રી નારણભાઈ રવજી ગોરસીયા

# શ્રી સ્વામિનારાયણ મંદિર મેલબોર્ન

તા. ૧-૯-૨૦૧૪ થી તા. ૮-૯-૨૦૧૪ સુધીનાં રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજના મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞા અને આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ યુવક મંડળના સંતો પૈકી શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી તથા શાસ્ત્રી સ્વામી દેવનંદનદાસજી મેલબોર્નના આંગણે પધાર્યા હતા. આ દિવસો દરમ્યાન બહોળી સંખ્યામાં હરિભક્તોએ કથામૃતનો લાભ લીધો હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણની બાંધેલી મર્યાદા અને આજ્ઞાનું પાલન કેમ સારી રીતે થાય તેનાં ઉપર વધારે ભાર આપવામાં આવ્યો હતો.

શનિવાર તા. ૬-૯-૨૦૧૪ તથા રવિવાર તા. ૭-૯-૨૦૧૪નાં રોજ સત્સંગ શિબિર ''સત્સંગ કિલ્લોલ''નું બે દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શનિવારે સાંજે કથા વાર્તા, સ્વામીનું પ્રવચન તથા રાસોત્સવનો પોગ્રામ રાખવામાં આવ્યો હતો. અને રવિવારે સવારથી સાંજ સુધીમાં અનેક પ્રવૃત્તિઓ જેવી કે પ્રાતઃપૂજા કેવી રીતે કરવી, ભગવાનના સ્વરૂપનું ધ્યાન, સ્વામીનું પ્રવચન, રાસોત્સવ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ પ્રવૃત્તિમાં યુવક અને યુવતીઓ તથા બાળકોએ પણ લાભ લીધો હતો. સંતોએ ''ગર્ભધાન સંસ્કાર'' એટલે કે સારા અને સંસ્કારી બાળકોની પ્રાપ્તિ કેવી રીતે થાય તેના પર પ્રેઝન્ટેશન કર્યું હતું. તથા ભગવાનની હયાતીમાં બંધાયેલા મંદિર અને જીવન જીવવાનો સાચો માર્ગ તેના વિષયો પર ખૂબ સારું માર્ગદર્શન આપ્યું હતું.

મંગળવાર તા. ૯-૧૦-૧૪ના રોજ શરદોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. સાંજે રાસોત્સવ અને દાંડિયા રાસમાં મોટી સંખ્યામાં હરિભક્તોએ લાભ લીધો હતો. શરદોત્સવના દિવસે દરેક હરિભક્તો શ્વેત વસ્ત્રમાં પધાર્યા હતા. મંદિરમાં આનંદનો માહોલ છવાઈ ગયો હતો. આ રીતે વિદેશની ધરતી પર ભારતીય સંસ્કૃતિ અને સંપ્રદાયના સિધ્ધાંતો જળવાઈ રહે, નવી પેઢીને જીવન જીવવાનો રાહ મળે એ માટે દર વર્ષે આવા આયોજનો કરવામાં આવે છે.

અહેવાલ :- મંત્રીશ્રી

# શ્રી સ્વામિનારાયણ મંદિર ઓલ્ડહામ – દિવાળી નૂતન વર્ષ



શ્રી સ્વામિનારાયણ મંદિર ઓલ્ડહામમાં દરરોજ સાંજનાં ધનતેરસ, કાળી ચૌદશ અને દિવાળીના સાંજનાં સમૈયા ઉત્સવ કરેલ હતો.

કાળી ચૌદશના હનુમાનજીનું પૂજન, આરતી સર્વે હરિભક્તો સાથે મળીને ઉતારી હતી.

૨૦૭૧ની સાલનું ડેકોરેશન યુવક યુવતીઓ તેમજ સત્સંગીઓ મળીને અનોખું કર્યું હતું તેમાં હજારો લુમ્મ બાન્ડ વાપર્યા હતા. જેને ગુંથી અને જાડું દોરડું બનાવીને મંદિરને શણગારેલ હતું.

આ ૨૦૭૧ નૂતન વર્ષના અન્નકૂટના ઠાકોરજીના થાળના યજમાન પદે ગામ દહિસરાના પ.ભ. જીતેન્દ્રભાઈ ભીમજી કારા પરિવાર તથા ગામ કેરાના અ.નિ. કેશરાભાઈ કુંવરજી વેકરીયા રહ્યા હતા.

અન્નકૂટની આરતીનો ચડાવો કરવામાં આવેલ તેમાં ગામ નારણપરના સુરેશભાઈ પ્રેમજી ગોરસીયા કુટુંબ પરિવાર તરફથી ઉંચો આંક આપીને અન્નકૂટની આરતી ઉતારી હતી.

અન્નકૂટનો જાતજાતનો પકવાનો સર્વે બાઈઓ તેમજ ભાઈઓ મળીને બનાવ્યા હતા. જાતજાતની વાનગીઓ બનાવીને મહારાજને થાળ અર્પણ કર્યા હતા. અન્નકૂટબાદ સર્વે હરિભક્તોએ પ્રસાદરૂપી ભોજન લીધું હતું.

અહેવાલ :- નારણ કારા

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| રકમ | દાતાનું નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| ૫૦૦/- | અ.નિ. વાલબાઈ રામજી પરબત વેકરીયા | બળદીયા | તેમના મોક્ષાર્થે ભેટ |
| ૧૦૦૦/- | અ.નિ. વાલબાઈ કરસન માવજી વેકરીયા<br>અ.નિ. માતુશ્રી તેજબાઈ માવજી,<br>અ.નિ. નિમિત્તે હસ્તે કરસન માવજી,<br>સુત ગોપાલ નારણ કરસન,<br>અ.નિ. મનસુખ કરસન<br>તથા ગોવિંદ આદિ પરિવાર<br>અ.નિ અમૃતકરસન આદિ | બળદીયા(ઉ.વા.) | તેમના મોક્ષાર્થે ભુજ મંદિરમાં પંચાહ્ન પારાયણ |
| ૧૦૦૦/- | અ.નિ. ભીમજી નારણ કેરાઈ<br>અ.નિ. રતનબેન ભીમજી કેરાઈ<br>અ.નિ. ભાણબાઈ ભીમજી કેરાઈ | મેઘપર | તેમના મોક્ષાર્થે બંને મંદિરમાં પંચાહ્ન પારાયણ નિમિત્તે |
| ૧૫૧/- | શ્રેય રશ્મિન ભુવા | કેરા | જન્મદિવસ નિમિત્તે |
| ૫૦૧/- | દેવજીભાઈ નારણ કારા | માંડવી હાલે<br>કેરુગોવા કેનીયા | પૌત્રી ચિ. જાનકીની પ્રથમ વર્ષ ગાંઠ નિમિત્તે ભેટ |
| ૧૦૧/- | ભરતભાઈ પી. મહેતા | ભુજ | જન્મદિવસ તેમજ ભત્રીજા ચિ. કેયુરની સગાઈ નિમિત્તે ભેટ |
| ૧૦૧/- | તરૂણભાઈ રણછોડદાસ સોની | ભુજ | ચિ. વિરલના જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૫૦૧/- | સુરેશભાઈ કાનજી મેપાણી | બળદીયા | ચિ. ત્વિસા અને દષ્ટિના જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૦૦/- | શ્રીહરિ ઓફસેટ | ભુજ | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૦૦/- | વાસંતીબેન વિનોદભાઈ વરસાણી | માધાપર | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૨૦૦/- | વિનોદભાઈ માવજીભાઈ વરસાણી | માધાપર | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૨૦૦/- | હિતેશભાઈ માવજીભાઈ વરસાણી | માધાપર | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૦૦/- | આયુષ રવજી મેપાણી હ. રવજીભાઈ | સુરજપર | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૦૦/- | આદર્શ રવજી મેપાણી | સુરજપર | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૦૧/- | શ્રી નરનારાયણ કન્સ્ટ્રક્શન કું.<br>હ. મુકેશભાઈ વરસાણી | કોડકી | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૧૧/- | શિવજીભાઈ ધનજી માસ્તર પિંડોરીયા | માધાપર | અન્નકૂટ નિમિત્તે ભેટ |
| ૧૧૧/- | રિંકલ કિશોરભાઈ હાલાઈ | કેરા | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૧૧/- | અક્ષય કિશોરભાઈ હાલાઈ | કેરા | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૨૫૧/- | વિશ્રામ શિવજી મેપાણી | સુરજપર | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૫૦૦/- | હરિશ મેઘજી રાબડીયા | વાડાસર હાલે નૈરોબી | પુત્ર જન્મ નિમિત્તે ભેટ |
| ૨૧૦/- | મટુબેન હસ્તે સાં.યો. નીતાબાઈ | હિરાપર | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૨૦૧/- | મિલન મનજી હિરાણી | સુખપર | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૫૧૧/- | લાલજી નાનજી હાલાઈ | કોડકી હાલે ભુજ | મારૂતિ કારનું લેટેસ્ટ મોડલ સીયાઝની ખરીદી કરી તે નિમિત્તે ભેટ |
| ૫૦૦/- | હેતલબેન કાનજી વરસાણી | ભક્તિનગર<br>માનકુવા | જન્મદિવસ નિમિત્તે ભેટ |




































(૧) શરદ પૂનમના દિવસે રાસ અને દીવળાનો શણગાર-ભુજ. (૨) સરસ્વતીપૂજન-ભુજ. (૩-૬) શરદપૂનમની આરતી-અન્નકૂટની સેવા કરતા સંતો, રંગોળી દર્શન-માંડવી. (૭-૮) કચ્છ સત્સંગ શ્રી સ્વામિનારાયણ મંદિર લંડન (હેરો) મંદિરે અન્નકૂટ દર્શન. (૯) ઓસ્ટ્રેલીયા (સીડની) શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળના યુવાનોનું સંતો સાથે સંમેલન. (૧૦-૧૧) સ્વામિનારાયણ મંદિર મિરજાપર અન્નકૂટન દર્શન તથા દિપોત્સવ. (૧૨) આર્માના વડાને અભિનંદન આપતાં મહંત સ્વામી-ભુજ.



૫૬ ભોગના અન્નકૂટની આરતી ઉતારતા
મહંત સ્વામી-ભુજ



બહેનોના મંદિરમાં અન્નકૂટ દર્શન-ભુજ



પ્રસાદી મંદિરમાં અન્નકૂટ દર્શન-ભુજ



માંડવી મંદિરમાં અન્નકૂટ દર્શન



અંજાર મંદિરમાં અન્નકૂટ દર્શન



સ્મૃતિ મંદિરમાં અન્નકૂટ દર્શન-ભુજ



દિવાળી દીપોત્સવના ભવ્ય દર્શન સાથે મહંત સ્વામી-ભુજ